એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ


**વર્ષ-૨ ● અંક-૭**

**ઓક્ટોબર / નવેમ્બર – ૨૦૦૭**

☆

**તંત્રી**

હંસરાજ કંસારા

☆

**તંત્રી મંડળ**

અતુલ સોની (૯૮૨૫૦ ૩૦૧૪૦)

કુ. એકતા કટ્ટા - અંજાર (૯૮૭૯૧ ૯૪૩૩૪)

☆

**વ્યવસ્થાપક સમિતિ**

શૈલેષ કંસારા - ભુજ (૯૮૨૫૦ ૧૨૫૦૩)

પ્રશાંત બીજલાની

જયમીન જે. સોની

સૂર્યકાંત સોની

તુલસીદાસ કંસારા

☆

**માનદ્ સંયોજક**

પી. જી. સોની (ભુજ)

☆

**મુખપૃષ્ઠ ડિઝાઈન**

શ્રી જયેશ ઘડીયાળી

પ્રિન્ટોગ્રાફી, અમદાવાદ.

☆

**કાર્યાલય : ધવલ જ્વેલર્સ**

૧૪, ચાંલ્લા ઓળ,

માણેકચોક, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

ફોન : (૦૭૯) ૨૨૧૪૪૦૦૮

☆

**મૂલ્ય : રૂા. ૨૦/-**

**વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-**

☆

**E-mail** : gnatisetu@rediffmail.com


'જ્ઞાતિ સેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી....

વહાલા વાંચકોને દીપાવલી અભિનંદન તેમજ નવ વર્ષ શુભેચ્છાઓ. આગામી વર્ષ- આપણા સહુ પરિવારોને સર્વ રીતે સાનુકુળ રહે, આપણા પરિવારો, જગતના કોઈ પણ ખૂણામાં રહેતા હોય છતાં એમની વચ્ચે અરસપરસ પરિચય વધે, સંવાદીતા સર્જાય અને જ્ઞાતિ, શબ્દ એટલે કે 'જ્ઞાત' એકબીજાથી 'જાણ-સૂજાણ' બને એવી પ્રવૃત્તિઓ ઈશ્વર બક્ષે તેવી અંતરની પ્રાર્થના. આ સંવાદજનક સંયોગો ઉભા કરવામાં, મજબૂત કરવામાં, જ્ઞાતિજનો સુધી ઘેર ઘેર પહોંચાડવામાં 'સેતુ'એનો નમ્ર ફાળો આપતું રહે તેવી અભિલાષા.

જ્ઞાતિ સુજાણ-વડિલો, સંગઠિત યુવાશક્તિ અને સમર્પિત સેતુના ત્રીવેણી સંગમે-ઈશ્વર કૃપાથી જાણ-સુજાણ વૃદ્ધિપ્રેરક કાર્યો- છેલ્લા બે ત્રણ વર્ષથી સતત થઈ રહ્યા છે, જેની પ્રતીતિ રૂપે, આજે આપણે, સહૂ મહામંડળની મજબૂત કેડીએ પરોવાયા છીએ અને એ કંઠીનો એક એક પારો આજે કોઈને કોઈ રીતે સક્રિય છે. વિવિધ સ્થળે આપણા જ્ઞાતિ મંડળો, મહિલા તેમજ યુવા મંડળો અને સમર્પિત વ્યક્તિઓ આપણા સમાજને સુદૃઢ કરવામાં પોતાનું યોગદાન આપી રહ્યા છે અને 'સેતુ' એને પ્રકાશિત કરી ગૌરવ અનુભવે છે.

આપણા આ પ્રવૃત્તિઓના શિરમોર સમું, યુવા સ્નેહ-મિલન (પરિચય મેળો) આગામી ડિસેમ્બર માસમાં યોજાવાનો છે, જેનો લાભ લેવા સમસ્ત ભારત તેમજ વિદેશમાં વસતા આપણા પરિવારો ઉત્સુક છે. આ અંકમાં, આ અંગેનો, મહામંડળના ઉપપ્રમુખ શ્રી હરીલાલભાઈ સોનીનો વિશેષ લેખ પ્રસ્તુત છે. એ લેખ મુજબ મહામંડળ નેતૃત્વની આર્ષદૃષ્ટિ અને સાથીઓની સમર્પિત ભાવના સૂચિત કરે છે કે, મધુર મિલનનો આ પ્રસંગનો મૂળભૂત હેતુ, આપણ જ્ઞાતિની પાંગરતી પ્રતિભાઓનો પરિચય કરાવવાનો છે અને એ દ્વારા આપણા જ્ઞાતિ રત્નોને ગ્રંથસ્થ કરવાનો છે. સગપણ સંબંધો એ તો માત્ર એનો તત્કાલીન લાભ છે. ખરો અને લાંબાગાળાનો લાભ આપણી પ્રતિભાની જાણ-સુજાણ વૃધ્ધિનો છે. અતઃ આ મેળામાં સહુ જ્ઞાતિજનો ઉત્સાહભેર સામેલ થાય તેવી 'સેતુ'ની નમ્ર વિનંતી છે.

આપણી જ્ઞાતિની એક એક વ્યક્તિ, પૈસા પદ કે પ્રતિષ્ઠાના ભેદભાવ વિના, 'સેતુ' માટે મહત્વની છે. એની નાનામાં નાની સિધ્ધિ કે સંઘર્ષ જેનાથી અન્યોને પ્રેરણા મળે, તેનું 'સેતુ'ને મહત્વ છે. આ દીપાવલી અવસરે 'સેતુ' એનો સમર્પિત ભાવ-દોહરાવતો, સર્વેને વ્યક્તિગત તેમજ સામૂહિક રીતે વિનંતી કરે છે કે તેઓ જ્ઞાતિજનો વચ્ચે સંવાદ વધે તેવી કોઈ પણ બાબત વિષે નિ:સંકોચ અમને લખી મોકલે. 'સેતુ' એમનું પરસ્પર સંવાદ માટેનું સરળ સાધન છે તેની ખાત્રી રાખે.

| અતુલ સોની | મનુભાઈ કોટડીયા | હંસરાજ કંસારા |
|---|---|---|
| માનદ્ મંત્રી | પ્રમુખ | મુખ્ય તંત્રી |

# ચિંતન

માણસની ત્રણ અવસ્થાઓ છે : પુત્ર, પતિ અને પિતા. કોઇ પૂછશે કે ચોથી અવસ્થા દાદાની છે તે? પણ શાસ્ત્રકારોને એ અવસ્થામાં દાદા ઘરમાં રહે એવી અપેક્ષા નથી. છોકરાને પરણાવ્યા પછી માણસે ઘરથી દૂર જવું જોઇએ. પુત્ર, પતિ અને પિતાની અવસ્થા ભગવાન ત્રણ આંખોથી પુષ્ટ કરે છે. સ્ત્રીમાં પહેલી અવસ્થા કન્યા, બીજી પત્ની અને ત્રીજી માતા. આ ત્રણે અવસ્થાઓ પણ ભગવાન પુષ્ટ કરે છે. જો ભગવાન આપણું બધું જ સંભાળતા હોય તો બે આંખ કેમ ચાલે? ત્રણ આંખો જોઇએ જ.

ત્રણ આંખો કેવી છે? તો કહે ચંદ્ર, સૂર્ય અને અગ્નિ જેવી. ચંદ્ર એટલે આહ્‌લાદદાયક અને ભોગપ્રવર્તક. ભગવાનની આ આંખ આપણને આહ્‌લાદકતા આપે અને ભોગ પ્રવણ બનાવે. આપણા જીવનમાં ભોગ તો જોઇએ જ. કોઇ પૂછશે કે જીવનમાં ભોગ જોઇએ? હા, શંકરાચાર્ય જેવા શંકરાચાર્યને પણ ભોગ જોઇએ. તેથી જ તેઓ સવારના પ્રહરે ઉઠી બહાર ફરવા જાય અને સૂર્યોદય જુએ. આપણે સવારના પ્રહરે ઉઠીને ઘરવાળીનું મોઢું જોઇએ તે ભોગ છે, તેમ સૂર્યોદય જોવો એ પણ એક ભોગ જ છે. 'દ્વૈત છે અને ભોગ નથી' આ ભાષા જ ખોટી છે. દ્વૈત આવ્યું કે ભોગ આવ્યો જ. ભગવાનની એક આંખ આપણા જીવનમાં ભોગવૃધ્ધિ કરે છે.

ભગવાનની બીજી આંખ સૂર્યની છે. સૂર્ય, પ્રકાશ આપે તેમ આ આંખ પણ પ્રકાશ આપે. પ્રકાશ આપનારી આંખ શાસન કરે છે અને કર્તવ્ય બુધ્ધિ સમજાવે. ભગવાન સમજાવે કે તું ભોગ ભોગવતી વખતે કર્તવ્ય છોડ નહીં. ભોગ ભોગવવાની ના નથી પણ માણસે કર્તવ્ય છોડવું ન જોઇએ. તું કર્તવ્યને ભોગે ભોગ ભોગવે તે ન ચાલે. ભોગ ભોગવવાની ના નથી પણ તેને માટે તુ સવારની પ્રાર્થના છોડે તે ન ચાલે. પ્રાર્થના કરવી એ તારૂં કર્તવ્ય છે.

ભગવાનની ત્રીજી આંખ અગ્નિની છે. અગ્નિ રક્ષક છે અને બાળનાર છે. આપણું શરીર ભગવાન ત્રણ અગ્નિથી સંભાળે છે. પહેલો જઠરાગ્નિ તેમાંથી આપણું અસ્તિત્વ છે. બીજો કામાગ્નિ છે તેનાથી સુસ્થિતિ (Wellbeing) છે અને ત્રીજો જ્ઞાનાગ્નિ તે બધું જ બાળી નાખે છે ભસ્મ કરી નાખે છે. તેથી જ કહેવામાં આવ્યું છે કે શિવજી સંહારક છે. સંહારક સારો પણ હોઇ શકે. રાત્રે આ સૃષ્ટિનો સંહાર ન થાય તો આપણને ઉંઘ કેમ આવે? ઉંઘ ન આવે તો આપણને બેચેની થાય. એ રીતે જોતાં આપણે સમજીએ છીએ એટલો સંહારક ખરાબ નથી.

આપણે એકાક્ષ છીએ અને ભગવાનને ત્રણ આંખો છે. આપણને એક આંખ પોતા તરફ જોવા માટે પોતાને વિકાસ સાધવા માટે જોઇએ. બીજી આંખ સમાજ તરફ જોવા માટે જોઇએ. સમાજ સાથે પોતાનો સંબંધ સમજી લેવો જોઇએ. વિશ્વ તરફ જોવું જોઇએ. ત્રીજી આંખ પ્રભુ તરફ જોવા માટે જોઇએ. આપણે પણ ત્રિનેત્ર થવું જોઇએ. જે માણસને ત્રીજી આંખ મળી તે પૂર્ણ કહેવાય.

*પ.પૂ. પાંડુરંગ શાસ્ત્રીજીના પ્રવચન પરથી સંકલિત*
*પ્રેષક : બિહારીલાલ બુધ્ધભટ્ટી - રાજકોટ*

## સુભાષિત ચિંતન

*"पारवर्तिनी संसारे मृतः को वा न जायते ।*
*स जातो येन जातेन याति वंशः समुन्नतिम् ।।"*

અર્થાત્ (આ) પરિવર્તનશીલ સંસારમાં કયો મરણ પામેલો મનુષ્ય (ફરીથી) જન્મતો નથી? પરંતુ, જેના જન્મવાથી વંશની ઉન્નતિ થાય તેને જ (ખરેખર) જન્મેલો કહી શકાય.

'સમય' પરિવર્તનનો માપક છે. 'વર્ષ' સમયનો મોટો એકમ છે અને વર્ષ જીવનનો માપક છે. જીવન જન્મથી મરણ વચ્ચે અનેક વર્ષોરૂપી પરિવર્તનો થતાં હોય છે. દર આસો મહિનાની અમાસે એક વર્ષો અંત (મરણ) થાય છે અને દર કારતક મહિનાની એકમ (પડવો)નાં નિવા વર્ષનો આરંભ (જન્મ) થાય છે. પરિવર્તનશીલ જીવનમાં અનેક વર્ષોના અંત-આરંભમાં જે વર્ષ જીવનની સંપૂર્ણ ઉન્નતિનો માર્ગ બને તે જ વર્ષનો આરંભ જીવન માટે મહત્ત્વનો છે, અન્યથા સંપૂર્ણ જીવનમાં અનેક વર્ષોનો આરંભ - અંત થતો જ હોય છે.

આ નૂતન વર્ષ આપણાં જીવનનો ઉન્નતિદાયક મહત્ત્વપૂર્ણ વર્ષ નીવડે તેવી શુભેચ્છા કારણકે, એક ઉન્નતિદાયક વર્ષ દ્વારા જીવનને નવી દિશા સાંપડશે અને એક ઉન્નતિપૂર્ણ જીવન દ્વારા સંપૂર્ણ સમાજને નવી દિશા સાંપડશે!

*કુ. એકતા કટ્ટા - અંજાર*

## "આપણી અવિછિન્ન પરંપરા : નૈવેદ્ય"

'આપણી અવિછિન્ન પરંપરા : નૈવેદ્ય' અંતર્ગત આપણી જ્ઞાતિનાં વિવિધ નુખ પરિવારો દ્વારા જળવાતી આપણી આ પરંપરાને આલેખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે અને તેનું આલેખન આપણાં જ્ઞાતિજનોને ઉપયોગી પણ થઇ રહ્યું છે. વિશેષતઃ જ્ઞાતિનાં મહિલા વર્ગ માટે તેની ઉપયોગિતા વિશેષરૂપે સિધ્ધ થઇ રહી છે. જ્ઞાતિનાં કટ્ટા, બુધ્ધભટ્ટી, પોમલ, બારમેડા, છત્રાળા તથા હેડાઉ નુખ પરિવારો દ્વારા જળવાતી આ પરંપરાનું આલેખન આ શીર્ષક હેઠળ થઇ ચૂક્યું છે. જે તે પરિવારોનાં ઉત્સાહી જ્ઞાતિજનોનાં સંદર્ભ-માહિતી અંગે સહકાર બદલ હાર્દિક આભાર સહ અભિનંદન. આગામી અંકોમાં આપણી જ્ઞાતિનાં બગ્ગા, સોલંકી, બિજલાણી, મૈચા, સક્કરિયા, પરમાર, ચૌહાણ, કોટડિયા, લાયચા વગેરે નુખ પરિવારોની આ પરંપરાને આલેખવાનું પ્રયાસ થઇ રહ્યું છે, ત્યારે જે તે નુખ પરિવારોને સંબંધિત માહિતી આપવા અનુરોધ-સહ આવકાર છે. સંબંધિત માહિતીઃ કુ. એકતા કટ્ટા, 'કૃષ્ણ કૃપા', રામકૃપા સોસાયટી, ડી.વી. હાઇસ્કુલ પાસે, અંજાર (કચ્છ), મો. ૯૮૭૯૧ ૯૪૩૩૪ ને મોકલાવવી.

*કુ. એકતા કટ્ટા, અંજાર (કચ્છ)*

# વિચારનું વાવેતર

## સુખી દાંપત્ય જીવનનો આધારસ્તંભ – આદર્શ ગૃહિણી

*જે. જે. બારમેડા - તલોદ*

આપણે જ્યારે પણ ભેગા થઇએ છીએ ત્યારે એક વાત ખાસ ચર્ચાય છે કે આપણી જ્ઞાતિમાં સગપણ તૂટવાના તથા લગ્ન ફોક થવાના બનાવો વધારે બનતા જાય છે. તો આ ન થવું જોઇએ, ને તે ન થવું જોઇએ. પણ તેનાં માટે શું કરી શકીએ તે ખાસ વિચારવું જોઇએ. જેથી આપણી જ્ઞાતિ દાખલો બેસાડી શકે કે એવું કોઇ કાર્ય ન કરીએ કે જેથી આપણા સમાજની બેન દીકરીઓને તથા વડીલોને સોસાવું પડે. આપણે એક એવી સમિતિ બનાવીએ જે આપણા જીવનને દરેક રીતે સુખમય બનાવી શકે. આજીવીકા તથા શિક્ષણ માટે આપણે સહાયની વાત કરીએ પણ જો એનામાં સંસ્કાર કે સમજ નહિ હોય તો એ બધું નકામું છે. મા બાપ તો એમનું સંતાન સુખી થાય તેમજ ઇચ્છતા હોય છે. પણ એમના જીવનના અનુભવ કે જ્ઞાનની વાત આજના સંતાનો માનવા માટે તૈયાર નથી. આપણા સમાજમાં જે સંસ્કારી ને ભણેલ નિવૃત્ત બહેનો છે, જે વિના મૂલ્યે સેવા આપવા તૈયાર છે. તો આપણે આપણી બેન દિકરી જે ૧૮ થી ૨૦ વર્ષની વચ્ચેની ઉંમરની જે એની મહત્વની ઉંમર છે કે જીવન કેમ સુખી બનાવવું. તે એજ ઉંમરમાં આદર્શ ગૃહિણી કેમ બની શકું કારણ કે મનુષ્યને ૨૦ વર્ષની ઉંમરે જીવનનો એક ટર્નીંગ પોઇન્ટ આવતો હોય છે. જે પોતાની જીવન નૌકાને કેમ હંકારવી. આપણી જ્ઞાતિમાં જ્યાં ૨૦૦ કે ૫૦૦ ઘરો હશે ત્યાં સેવા આપનાર બહેનો મળી શકશે. અને આદર્શ ગૃહિણી કેમ બનવું તે શીખવી શકશે. તેના માટે તાલીમ ક્લાસ શરૂ કરીએ અને ત્યાં એવું એમને શીખવવામાં આવે કે તારે દિકરી કાલે સાસરે જવું છે એ તો જરૂર છે. ત્યાં તુ પત્ની બનવાની છે, માં પણ બનવાની છે તો તારે માથે મોટી જવાબદારી છે. તો તારે તારું ઘર કેમ ચલાવવું અને ઘરના દરેક સભ્યોને સુખી કેમ કરવા. સ્ત્રી તો સહનશક્તિનો ભંડાર છે. નારીથી જ સંસાર સુખી થઇ શકે. તો આવા આદર્શ ગૃહીણીના તાલીમ ક્લાસ ભોપાલ શહેરમાં ચાલે છે ને ત્યાં ૫૦૦૦ કન્યાઓએ ભાગ લીધેલ છે. ને તેનું સારૂ પરિણામ આવેલ છે. જે છોકરીઓએ આદર્શ ગૃહીણીની તાલીમ લીધી તેમના માટે વડીલોની નજરે સમાજમાં ૨૫% ઇમેજ વધી જાય છે ધણી હોય કે છોકરો હોય કે ઘરના બીજા સભ્યો હોય જો નારી ધારે તો પોતાના પરિવારને દરેક રીતે સુખી કરી શકશે. એવી એમને ભગવાને શક્તિ આપેલ છે. જો કન્યાઓએ આ તાલીમ લીધી હશે તો સગપણ ફોક થવાના અથવા છૂટાછેડાના બનતા બનાવોમાં ઘણો બદલાવ આવી શકશે. તો બીજા ક્લાસ શરૂ કરતાં પહેલા આ કરવાની જરૂર છે. સંગીત અથવા બ્યુટી પાર્લરના ક્લાસ અથવા બીજા આજીવીકા મેળવવાના ક્લાસ શરૂ કરતાં પહેલા આની જરૂર છે. તો મારૂં સમાજને આ સૂચન છે.■


**શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ**

# સર્વે જ્ઞાતિ પરિવારોને નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છા....

| | |
|---|---|
| શ્રી મનુભાઇ વી. કોટડીયા | - પ્રમુખ |
| શ્રી ગીરીશભાઇ કે. સોની | - ઉપપ્રમુખ |
| શ્રી અતુલ એસ. સોની | - માનદ્ મંત્રી |
| શ્રી જયેશ કે. ઘડીયાળી | - સહમંત્રી |
| શ્રી રાજેન્દ્ર કે. સોની | - ખજાનચી |
| શ્રી જયમીન જે. સોની | - સહ ખજાનચી |
| શ્રી રમેશભાઇ વી. સોની | - કારોબારી સભ્ય |
| શ્રી સૂર્યકાંતભાઇ એમ. સોની | - કારોબારી સભ્ય |
| શ્રી તુલસીદાસ એલ. કંસારા | - કારોબારી સભ્ય |
| શ્રી પ્રશાંત એસ. બીજલાની | - કારોબારી સભ્ય |
| શ્રી કનુભાઇ બીજલાની | - કારોબારી સભ્ય |
| શ્રી દિલીપ જે. સોની | - કારોબારી સભ્ય |
| શ્રી ગોપાલભાઇ સોની (દહેગામ) | - કારોબારી સભ્ય |
| શ્રી હેમલ એચ. સોની | - કારોબારી સભ્ય |
| શ્રી પ્રશાંત મૈયા | - કારોબારી સભ્ય |
| શ્રી કિરીટ વી. કંસારા | - કારોબારી સભ્ય |

| હિરાલાલભાઈ | રમેશભાઈ | બેગ્રીનભાઈ | મેબ્રીનભાઈ |
|---|---|---|---|
| ૯૮૭૯૧ ૨૨૧૬૦ | ૯૪૨૮૪ ૬૬૬૬૬ | ૯૪૨૮૦ ૩૩૩૦૩ | ૯૪૨૭૮ ૧૮૬૮૬ |

# પાંજી ધોકાન






## મે. સોની મોહનલાલ પ્રાગજીની કું.

**સોના ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર અને દરેક ડિઝાઈન હાજરમાં મળશે.**

ગંગા બજાર, નખત્રાણા, કચ્છ.

*પ્રો. ગંગારામ કે. સોની (તાજીયાવાળા)*





# શ્રી મધુસુદન જ્વેલર્સ

સોના ચાંદીના દાગીના બનાવનાર

**કેડીયમના સ્પેશિયાલીસ્ટ**

મેઈન બજાર, નખત્રાણા.

મો. ૯૮૭૯૧ ૨૨૯૪૫, ૯૯૭૯૩ ૪૯૪૨૪

# અખિલ ભારતીય મારૂ કંસારા મહામંડળ

## સમાચાર - વિચાર : શૃંખલા-૧

• સોની હરિલાલ લખમશી (અંજાર) •

'અખિલ ભારતીય મારૂ કંસારા મહામંડળ' વાંચતા એક ગર્વની લાગણી ઊભી થાય છે. આજે દરેક જ્ઞાતિજન મહામંડળનો અંગ છે અને તેની પાછળ પીઠબળ છે — 'સમગ્ર ભારતીય મારૂ કંસારા જ્ઞાતિ'નું. આ ગર્વની લાગણીનો અનુભવ લેવા માટે આપણે આપણી જાતને મહામંડળમાં ઓગાળવી પડશે. આ સંદર્ભમાં મારૂ એક મુક્તક રજૂ કરવાની લાલચ થાય છે-

*"દિલ દિવ્ય પ્રણયની મજા મળશે તને*
*કોઈની શોધમાં તું ખોવાઈ જા.*
*અને તો જ કંઈક મેળવવાનો આનંદ માણી શકાશે."*

આપણી સંસ્થા સાથે એકતાર થવા માટે આપણી જાતને આ લેવલે કેળવવી પડશે. એની પહેલા આપણે 'મહામંડળ'ની ગરીમા સમજવી પડશે, થોડીક ગહનતા તરફ પણ જવું પડશે. શું આપણે મહામંડળને સમજ્યા છીએ?

'અખિલ ભારતીય મારૂ કંસારા મહામંડળ' એટલે શું તે તો તેના નામના શબ્દાર્થમાં આપણે આપેલું જ છે. સમગ્ર દુનિયામાં ભારતીય મૂળનો કોઇપણ મારૂ કંસારા સોની જ્ઞાતિનો સુપુત્ર-પુત્રી એટલે આ મહામંડળનું એક અંગ. - આ એનો સીધો અર્થ થયો. આ વસ્તુને વધુ વિસ્તૃત કરતાં હું એવું કહીશ કે આપણી જ્ઞાતિનો કોઇપણ સભ્ય દુનિયાને છેડે રહેતો હોય તેની સાથે એક સંપર્ક સેતુથી આજે આપણે આપોઆપ જોડાઇ ગયા- ભાઈચારાનો એક તંતુ સ્થાપિત થયો. વિચારો તો ખરા, કેટલી ઉદાત્ત ભાવના છે આ મહામંડળની સ્થાપનામાં? આ ઉદાત્ત ભાવનાને સાકાર કરવા અથવા તો આ ભાવનાને અનુરૂપ આપણી જાતને કેળવવા માટે આપણે પણ કંઇક લાયકાત તો કેળવવી પડશે ને? મહામંડળના ફલક સાથે તાદાત્મ્ય સાધતાં દરેક જ્ઞાતિજનો પોતાની જાત પાસેથી કેટલાંક ચોક્કસ પ્રશ્નોના જવાબ મેળવશે તો આ સાર્થક થશે.

(૧) જ્ઞાતિના સાપેક્ષમાં હું વિચારૂં છું અથવા કરૂં છું તે સર્વ જ્ઞાતિજનોના હિતમાં છે?
(૨) હું શું કરૂં છું અથવા કહું છું- તેમાં મારો EGO અથવા મારૂં મિથ્યાભિમાન તો પ્રદર્શિત નથી થતું?
(૩) મારા કોઇ વ્યક્તિ/વ્યક્તિઓ પ્રત્યેના અંગત અણગમા અથવા ગેરસમજોથી દોરવાઈને હું જ્ઞાતિના સંગઠનને નુકસાન તો નથી કરતો?
(૪) હું જે કહી, કરી રહ્યો છું તે મારા અંતરાત્માને મંજૂર છે?
(૫) મારા વર્તનથી સમાજને કોઇ હાનિ તો થતી નથી ને?

મને લાગે છે કે આ પ્રશ્નોના જવાબ મેળવી આપણા અંતરાત્માને મંજૂર હોય તો જ આપણે જ્ઞાતિમાં-જ્ઞાતિ માટે વધુ સારું કામ કરી શકીશું- At least જ્ઞાતિને કે મહામંડળને કોઇ જ નુકસાન પહોંચાડીશું નહીં.

એક ખાસ વાત કહેવાની કે મહામંડળને જ્ઞાતિ મંદિર કલ્પીએ તો મંદિરમાં જેમ આપણે પગરખાં બહાર ઉતારીએ તેમ આ મહામંડળના મંદિરમાં પણ આપણા Ego રૂપી મિથ્યાભિમાનના પગરખાં બહાર ઉતારીને આવીએ અને એખલાસભર્યું વાતાવરણ ઉભું કરીએ.

મને કહેતાં દુ:ખ થાય છે કે હજુ આપણે આપણી જૂની 'પટેલ શાહી' માંથી બહાર આવી શક્યા નથી. નાતની મિટીંગમાં આપણે ઊંચા સાદે બોલવું જ પડે- એકાદ નાનો કે મોટો ઝઘડો મેળ પડે તો કરવો જ પડે- કડાયાં કે કમંડલ ઉડવા જ જોઇએ એવી એક માનસિકતા 'માન' 'SICK' વૃત્તિનો ભાર આપણે હજુ વેંઢારી રહ્યાં છીએ તેવું ક્યાંક અને ક્યારેક દેખાઇ આવતું હોય છે.

મહામંડળના વિશાળ ફલક પર જ્યારે આપણે આપણી જાતને સ્થાપિત કરી રહ્યાં છીએ ત્યારે આપણી બધી સંકુચિત વૃત્તિઓ અને વાતો આપણે મૂકવી જ રહી. આજે સર્વાંગી વિકાસ તરફ જ્ઞાતિને લઇ જવાનો સમય છે. અને એ વિકાસ માટે આપણી જ્ઞાતિનો બુધ્ધિજીવી વર્ગ મારી સાથે સંમત થશે કે આપણે Professional અભિગમ અપનાવવો જ પડશે. આપણે આપણાં અંગત અણગમા, અણબનાવ અને 'પટેલશાહી' કે આપણું 'ભણેલ અભણપણું' મૂકવું જ પડશે.

આપણને વર્ષોથી પડેલ 'સંકુચિતતા'ની આદતને કારણે આપણે કુવાની બહાર દુનિયા હોઇ શકે તેવું ન માનતાં દેડકાની જેમ આપણા જ્ઞાનની સીમાઓ સંકોચીને બેઠા છીએ. વિકાસ માટે આ બધી વસ્તુ ખૂબ જ અવરોધક સાબિત થશે, અને આ બધાં અવરોધ પાર કરીને જ આપણે સર્વાંગી વિકાસ તરફ જઇ શકીશું.

એક ખૂબ જ Positive વાત આપણા વિકાસની આતુરતા છતી કરે છે- તે Professional અભિગમની વાત - જે મેં પહેલા કરી તે આ પરિચય મેળાનો Data Bank એનો પુરાવો બનશે. કે જે જ્ઞાતિના યુવાનો માટે વ્યવસાય અને વાણીજ્યિક, વૈચારિક, વિકાસની તક ઊભી કરશે. આ વિચાર કે અભિગમનું Vision કોઇ એક વ્યક્તિ દ્વારા બહાર આવ્યું હોય તો પણ મહામંડળના એક અંગ તરીકે - મહામંડળના બેનરનું આ Vision જે ભવિષ્યની તકો પોતાની આગોશમાં લઇને બેઠું છે.

આ સાથે વિરમતા પહેલાં હું મારા સમગ્ર જ્ઞાતિ પરિવારને આમંત્રણ આપું છું કે આપણા આ અખિલ ભારતીય મારૂ કંસારા મહામંડળના વિકાસ અંગે તેની ગરિમા અને આપના વિચારો અને મંતવ્યો - સૂચનો **'સેતુ'** ના માધ્યમથી આપો અને જ્ઞાતિના વિકાસમાં સહભાગી બનો. ■

# યુવા પરિચય મેળો

**• સોની હરિલાલ લખમશી (અંજાર) •**

અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળનો પ્રથમ પ્રોજેક્ટ 'યુવા પરિચય મેળો ૨૦૦૭' તા. ૧-૧૨-૦૭ ના રોજ યોજાઇ રહ્યો છે. જે જ્ઞાતિજનોને વિદીત છે જ. આ પરિચય મેળો અથવા હું કહીશ કે યુવા પ્રતિભા મેળા અંગે આપણી સમગ્ર જ્ઞાતિમાં ખૂબ જ ઉત્સાહ પ્રસરી રહ્યો છે જે આપણી સમક્ષ આવેલી લગભગ ૩૦૦ જેટલી પરિચય નોંધણી જ દર્શાવી રહી છે. આજની તારીખમાં વિભિન્ન ઘટકોમાંથી અને ખાસ કરીને વિવિધ પ્રકારની પ્રતિભાઓની ૩૦૦ જેટલી પ્રતિભાઓનું નામાંકન થઇ ચૂક્યું છે અને હજુ તા. ૩૧-૧૦-૦૭ સુધી એન્ટ્રીઓ લેવાની તારીખ બાકી છે – ત્યાં સુધી ઘણી એન્ટ્રીઓ આવશે એવા અણસાર મળી રહ્યા છે.

અલબત્ત, આ બધું જ પરિચય મેળા સમિતિના સદસ્યો અને વિવિધ ઘટકોના હોદ્દેદારો અને ખાસ કરીને જેની નોંધ લેવી પડે તે છે જ્ઞાતિની મહિલા મંડળ પાંખ, યુવા મંડળ- જેમની અથાક મહેનત, આ બધી એન્ટ્રીઓ લાવવામાં ઉપયોગી થઇ છે.

મહિલા મંડળની ખાસ નોંધ એટલા માટે લેવી પડશે કે તેમને પ્રથમ મીટીંગમાં આ પરિચય મેળાની જવાબદારી સોંપવામાં આવી અને તે સહર્ષ સ્વીકારીને, ઘરો ઘર ફરીને ફોર્મ આપવાથી માંડીને પાછા સ્વીકારવા સુધીની બધી જ જવાબદારી વચ્ચે પરિચય મેળાની મહત્તા અને હકીકતો સમજાવી એન્ટ્રી લેવા તૈયાર કરવા- આ બધું જ પ્રેરક કાર્ય કર્યું છે હું આ સ્થાનેથી તેમને ધન્યવાદ આપું છું.

પરિચય મેળા અંગે તા. ૨૨-૭-૦૯ ની માંડવી મિટીંગમાં જાહેરાત થયા પછી સતત સમિતિના સભ્યો અને જુદા જુદા ઘટકો સાથે મિટિંગ અને ટેલીફોનિક સંપર્ક- સુંદર પરિણામ લાવવા માટેનું એક માધ્યમ બની રહ્યું છે. આ મેળા અંગેની મિટીંગ માત્ર પરિચય મેળા સમિતિ જ નહીં પણ, જે તે સ્થળના જ્ઞાતિજનોએ પણ હાજર રહીને કામગીરી ઉપાડવાની સ્વૈચ્છીક તૈયારી બતાવી છે જે બતાવે છે કે આપણી જ્ઞાતિ આ અંગે ગંભીરતાથી જાગૃત છે અને આ પરિચય મેળા અંગેના પરિણામો માટે ખૂબ જ આશાસ્પદ છે.

આ પરિચય મેળા અંગે એક ખાસ વાત કહેવાની છે. અમારી પાસે આવેલ એન્ટ્રીઓમાંથી ઊડીને આંખે વળગે એવી વાત છે કે, જ્ઞાતિની ખૂબ જ ઉચ્ચ શિક્ષણ પામેલી પ્રતિભાઓ, ડોક્ટર્સ, વકીલ અને હાઈલી ટેકનીકલ ડિગ્રી ધારકો પણ આમાં જોડાયા છે તે ખૂબ જ સારૂં પરિણામ છે.

આજે જે જ્ઞાતિ પ્રતિભાની આપણી પાસે Data Bankનો ખજાનો ઊભો થઇ રહ્યો છે તે ફક્ત સગાઇ કે લગ્નના હેતુસર નહીં રહે... પણ આ Data Bank માંથી એવી પ્રતિભાઓની છટણી પણ થઇ શકે કે જેમની સેવાની જરૂરત જ્ઞાતિનાં કોઇ ઉદ્યોગપતિ, કોઇ વેપારી કે સંસ્થાને જોઇતી ક્વોલીફાઇડ પ્રતિભા પણ મળી શકશે. આમ મેં અગાઉ કહેલ તે પ્રમાણે આ પરિચય મેળો ફક્ત સગાઇ હેતુક ન રહેતાં તેનું વાણિજ્યિક Commercial મહત્વ પણ રહેશે. જે જ્ઞાતિના સર્વાંગી વિકાસમાં એક અગત્યનું પરિબળ બની રહેશે.

વિરમતાં પહેલાં સર્વે જ્ઞાતિબંધુઓને ફક્ત એક વિનંતી કે આપના પરિવારમાં આ પરિચય મેળો અથવા પુસ્તિકામાં માહિતી આપી શકાય તેવું પાત્ર હોય તો સત્વરે માહિતી ફોર્મ્સ મોકલી આપવા મહામંડળની અપીલ છે. ■

## ત્રણ

- ત્રણ કોઇની રાહ જોતાં નથી : સમય, મૃત્યુ અને ગ્રાહક
- ત્રણ વસ્તુ જીવનમાં એકવાર મળે : મા, બાપ અને જવાની
- ત્રણ ગયાં પછી પાછાં વળતાં નથી : તીર કમાનથી, વાણી જીભથી, પ્રાણ દેહથી.
- ત્રણ ઉપર હંમેશાં પડદો રાખો : ધન, સ્ત્રી અને ભોજન
- ત્રણથી બચવા પ્રયત્ન કરવો : ખોટી સંગત, સ્વાર્થ અને નિંદા
- ત્રણ ઉપર મન લાગવાથી પ્રગતિ થાય : ઈશ્વર, મહેનત અને વિદ્યા
- ત્રણને કદી ભૂલશો નહીં : દેવું, ફરજ અને માંદગી
- ત્રણ વ્યક્તિનું સદા સન્માન કરવું : માતા-પિતા અને ગુરુ
- ત્રણને હંમેશાં વશમાં રાખો : મન, કામ અને લોભ
- ત્રણ વ્યક્તિ ઉપર હંમેશાં દયા કરો : બાળક, ભૂખ્યા અને અપંગ

ઊંચી મતિ, ઊંચી કૃતિ ઊંચા વિચારો જ્યાં હશે તે ઘર તણાં સૌ માનવી સર્વત્ર મંગલમય થશે. જેવું ચિંતવશો તેવાં જ થશો, હાલનું જીવન પૂર્વના ચિંતનનું જ ફળ છે, તમારા વિચારો એ જ તમારું પ્રારબ્ધ

*માનસી ડી. કોટડીયા - માંડવી, કચ્છ*

*"હીરો મુખથી ના કહે, શું છે એનું મૂલ,*
*પરિચય મેળે, પારખીએ 'જ્ઞાતિ હીર' અમૂલ".*

# ત્રિમૂર્તિ વિભાવના

*સમસ્ત ભારતમાં નવરાત્રી ઉત્સવ ખૂબજ ઉત્સાહ તેમજ ભક્તિભાવ સાથે ઉજવાય છે. આ ઉત્સવ ભારતીય સાંસ્કૃતિક પરંપરા મુજબ સ્ત્રી શક્તિનો મહિમા ગાવાનો છે. નવ દિવસના નવ નોરતાં માં - મા પાર્વતીના નવલાં સ્વરૂપોની આરાધના થાય છે. પ્રત્યેક સમાજમાં સમયે સમયે આવાં સ્વરૂપોના માનવદેહે દર્શન થાય છે. આપણી જ્ઞાતિની ત્રણ એવી મહિલાઓનો આછો પરિચય અત્રે આપ્યો છે. (૧) પૂ. ગોમતીબા – એમનું સરળ ભક્તિસભર જીવન આજ પણ આપણને પ્રેરણા આપે છે કે જે જીવન મળે, જેવું હોય તેવું, એને સરળતાથી જીવી જવું એ જ અધ્યાત્મ અને એ જ સદ્‌ચિત્ત આનંદ. (૨) ચંદા બુધ્ધભટ્ટી : અર્ધી સદી પહેલાં પણ આવી ગગનવિહારી પ્રતિભાનો વિકાસ આપણી જ્ઞાતિનો 'સ્ત્રી કેળવણી' પ્રત્યેનો અભિગમ સૂચવે છે. (૩) જ્યોતિકાબેન : આજના સ્વાર્થ પરાયણ વાતાવરણમાં પણ વિરલ વ્યક્તિ પોતાને મળેલા કર્મને યોગ્ય રીતે નિભાવી, સમાજને ઉપયોગી થઈ શકે છે.*

*– મુખ્ય તંત્રી*

## પૂ. ગોમતીબા

*– હંસરાજ કંસારા*

ક્યારેક કોઈ સીધું સાદું અને સરળ જીવન પણ કાળક્રમે ન ભૂંસાય તેવી અમીટ છાપ છોડી જાય છે. આવો, આજે આપણે કચ્છની એવી જ એક 'નારાયણી'ના નમ્ર જીવનનો થોડો પરિચય મેળવી, એમના સરળ જીવનનો સંદેશ આત્મસાત્ કરીએ.

યુવાનીના પ્રથમ પગથિયે, પરિસ્થિતિના પ્રહારે નંદવાયેલા જીવનને સહજ સમજી, જીવનને 'ભક્તિ રસ'થી સદા જીવંત રાખી જીવી જનાર એ પ્રતિભા હતા 'ગોમતી બા.'



અંજાર ગામની ઉગમણી સીમે દસેક કિ.મી. દૂર એક નાનકડું ગામ દેવળીયા. વિક્રમ સંવત ૧૯૬૫નું વર્ષ, ધનતેરસનો ધન્ય દિવસ. સોની પ્રાગજી સુંદરજી પોમલનાં ધર્મપત્ની મોંઘીબાઈની કૂખે તે દિવસે એક બાળાનો જન્મ થયો. આ બાળાનું નામ ગોમતી.

એક દિવસ મંદિરના પ્રાંગણમાં રમતી ગોમતીને એવો આભાસ થયો કે જાણે 'કાનુડો' એની સાથે સંતાકૂકડી રમે છે. આ અનુભવ પછી ઘણીવાર ગોમતીને હૈયે અને હોઠે, ઊંઘમાં કે જાગતાં, કૃષ્ણ ભક્તિનાં પદો સ્વતઃ સ્ફૂરવા લાગ્યાં. અબોધ બાળાની એવી અભિવ્યક્તિ પર કોઈએ વિશેષ ધ્યાન ન આપ્યું. ગોમતી બાર વર્ષની થઈ ત્યારે મુંદ્રાના કંસારા ડુંગરશી પ્રેમજી ગોહિલના સૌથી નાના પુત્ર લખમશી વેરે એનાં લગ્ન થયાં. લખમશી વાસણ ઘડવાનું કામ કરે. આ ભલા ભોળા ભદ્રિક જીવનું ટુંકી માંદગીમાં ભરયુવાન વયે અવસાન થયું ત્યારે ગોમતી માંડ સત્તર વર્ષની હશે. વૈધવ્યનું દુઃખ અંતરમાં ઓગાળી બાળ-પુત્રી મણીને કાંખે લઈ ગોમતી પાછી પિયરમાં આવી. ભાઈઓના બહોળા પરિવારમાં સમાઈ ગઈ. થોડાં વર્ષો પછી એ પરિવારે બિદડા વસાવ્યું. વિધવા ગોમતીના જીવનનો પર્યાય શરીર માટે 'શ્રમ-સાધ્ય ઘરકામ' અને મન માટે 'સ્વયં સ્ફૂરિત કૃષ્ણ ભક્તિ.' હૈયે 'દિવ્ય દર્શનની અનુભૂતિ' અને હોઠે 'ભક્તિરસ'ની અભિવ્યક્તિ. સમય જતાં આ બધું એમના માટે શ્વાસ જેવું સહજ થઈ ગયું. એમના ભાઈઓ પછી બિદડા છોડી સાંગલી રહેવા ગયા, પરંતુ 'ગોમતી બા' એ બિદડાને જ આજીવન પોતાનું ગોકુળીયું ગણ્યું.

મહર્ષિ અરવિંદના ભારતીય અધ્યાત્મ-દર્શનના ઊંડા અભ્યાસી, જ્ઞાની સાધક અને સાધનાશ્રમના સંસ્થાપક પૂજ્ય વેલજીભાઈએ ગોમતીબાઈની પરાવાણી પારખી હતી. એમના મતે વૈષ્ણવ ભક્તાત્મા ગોમતીબાઈને થતાં 'દિવ્યદર્શન' સેન્ટ કેથેરાઈન અને સેન્ટ ટેરેસાને રેપચરમાં થતા સાક્ષાત્કાર જેવાં 'સ્વયંભૂ' અને 'સહજ' હતાં. એમણે ગોમતીબાઈની એ અવસ્થામાં આવશ્યક માર્ગદર્શન આપ્યું. ગોમતી બા વેલજીભાઈને 'બાપુજી' જ કહેતા. એમનામાં એમને અડગ શ્રદ્ધા હતી. ગોમતી બાને એમની સિદ્ધિ અને સર્જનાત્મક શક્તિનો કોઈ 'અહંભાવ' નહોતો. 'મારું કંઈ નથી' એ હંમેશા કહેતા. એમણે એમના એકેય ભજનમાં પોતાનું નામ જોડ્યું નથી. ગોમતીબાઈ જે ભજનો ગાતા તે એમના પાડોશી સત્સંગી શામજીભાઈ લખી લેતા. એમના બસ્સો જેટલા ભજનોનું સંકલન, એમના અવસાન પછી એક વર્ષે, એમના અનન્ય ભાવિક અને સાધનાશ્રમના ટ્રસ્ટી શ્રી ભવાનજીભાઈએ, ડો. ગુલાબ દેઢિયા દ્વારા સંપાદિત કરાવી, પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરાવ્યાં. શ્રી ભવાનજીભાઈએ પોતે રચેલાં ભક્તિગીતોનું શ્રેય પણ 'ગોમતી બા'ને જ આપ્યું. 'દખણાદો ડેલો' નામના ડો. ગુલાબ દેઢિયા સંપાદિત શ્રી ભવાનજીભાઈના કાવ્યસંગ્રહનાં અનેક પૃષ્ઠો પર ગોમતી બાનાં સુભાષિતો સુંદર રીતે વણેલાં છે. આપણી ભાવિ પેઢીઓને જરૂર પડે 'ગોમતી બા' વિષે જાણવા, ઐતિહાસિક આધાર પૂરો પાડતા આ બે પુસ્તકો

બિદડાના સાધનાશ્રમના ગ્રંથાગારમાં સચવાયેલાં છે.

બિદડામાં ગોમતી બા છેક સુધી ભાડાના ઘરમાં જ રહ્યા. એમના ઘરમાં માત્ર બે જ ઓરડા હતા. આગલા ઓરડાની એક ભીંતે રાધાકૃષ્ણની છાપવાળું કેલેન્ડર અને બીજી ભીંતે ગોખલામાં બિરાજેલા એમના ગોવિંદ. એમનું એ નાનકડું ઘર પ્રાતઃકાળે પ્રાર્થના, બપોરે કથાવાર્તા અને સાંજે ભજનોની ધૂનના ભક્તિસભર ઉલ્લાસે ગુંજતું રહેતું. બિદડા અને આજુબાજુના ગામનાં અઢારે વર્ણના લોકો, નાતજાતનાં ભેદ ભૂલી અહીં એક પાથરણે બેસી ભજન કીર્તન અને કથાશ્રવણ કરે. ગામડાની ભલી ભોળી ગૌરીઓ ગોમતીમા ની દીકરીઓ હોય તેમ લાડ-ચાગ કરે અને સુખદુઃખની બે વાતો પણ કરી લે. વાત્સલ્યમૂર્તિ ગોમતી બા પાસે એમના દુઃખો દૂર કરવા કોઈ ચમત્કાર નહોતો. હતું માત્ર પ્રભુનું નામ અને સમદુઃખીયાને ધરપત આપવા પ્રભુભક્તિની પ્રસાદી.

ગોમતી બાના સત્સંગને સંપ્રદાયના કોઈ સીમાડા નહોતા. જૈનધર્મના પરમ પૂજ્ય મુનિવર્યો આચાર્યો અને તપસ્વીની સાધ્વીશ્રીજીઓ સાથે પણ એમનો મનમેળ. આવા ઉચ્ચકક્ષાના સાધકોના સાન્નિધ્યની પળોએ ઘણીવાર ગોમતી બાને મુખેથી ભક્તિ-પદોની સરવાણી વહેતી. 'ઇષ્ટવિણ સ્મરવું નથી' પ્રિય મન સ્થિર કર તુજ સ્વરૂપમાં' 'સત્યને સંભાળી સાધક ચાલજે' અને આવા બીજા ઘણા અધ્યાત્મના ઊંડાણ ઢંઢોળતા, સાધનાની સુરભી રેલાવતા પદો એમનાં સાધકો સાથેના સત્સંગની પ્રસાદીરૂપે પ્રગટેલાં. ગોમતી બાના અંતિમ 'મહાપ્રયાણ' વેળાએ જૈન મુનિવર્યો, સાધકો અને સાધ્વીજીઓએ રૂબરૂ, એમનાં અંતિમ દર્શન કરી એમને બિરદાવેલાં. એક સંસારી જીવ સાથે તપસ્વી સંતાત્માઓનું આવું સખ્ય, ગોમતી બાના સરળ, નિષ્છલ, પારદર્શક અને ભક્તિ-સભર જીવનને આભારી હતું. કોઈ વિરલ વ્યક્તિને જ આવું ગૌરવ મળે.

બિદડામાં ગોમતી બા મોટેભાગે આત્મ-નિર્ભર જ રહ્યાં. બધું જ ઘરકામ એ જાતે જ કરે. એમની વૃદ્ધાવસ્થા દરમિયાન શરીર નબળું પડ્યું અને શ્વાસની તકલીફ વધવા લાગી ત્યારે એમની સુપુત્રી મણિબેન અને ભત્રીજી ઈન્દુબેન એમની પાસે રહ્યાં. ઇ.સ. ૧૯૯૧ના જાન્યુઆરી મહિનાની ચૌદમી તારીખે ઉત્તરાયણને દિવસે એમને આભાસ થઈ ગયો કે હવે 'જાવાનો ટેમ થઈ ગયો છે.' સતત બે દિવસ સુધી એમના સત્સંગી ભાવિકો, સંતો, સાધકો અને સગાંવહાલાં એમના દર્શને આવતાં રહ્યાં. એમણે એ બધાં સાથે પ્રેમથી છેલ્લા રામરામ કર્યા. ૧૬મી જાન્યુઆરીની ઠંડી રાત્રે ૧૦.૨૫ કલાકે ચહેરા પર સંપૂર્ણ સંતોષ અને સુખની આભા સાથે ગોમતી બાની ચેના એમના નશ્વર દેહથી મુક્તિ મેળવી વિરાટમાં વિલીન થઈ.

મુંબઈની નાણાવટી હોસ્પિટલના ડોક્ટર કોટીચા, બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત વિવિધ રોગ-નિવારણ શિબિરમાં ભાગ લેવા આવે ત્યારે ગોમતી બાનાં દર્શન કરવા અચૂક આવે. જોગાનુજોગ ડો. કોટીચા પણ ત્યારે બિદડામાં જ હતા. પાલખીમાં બેસાડેલા ગોમતી બાના દેહને જોઈ, એમણે કહેલું કે, 'મારા જીવનમાં આટલું સુંદર અચેતન શરીર મેં ક્યારેય જોયું નથી.'

ગોમતી બાના ચેતનાવિહીન નશ્વર દેહની વિદાય એમના ભાવિકો માટે વસમી હતી. એ મહાન વિભૂતિના સરળ જીવનનો બોધ છે કે સંસારી જીવન માટે સહજ, સરળ અને ભક્તિસભર જીવન એટલે જ સદ્ચિત આનંદ.

### બાપુજી કહે છે સંતને...

*મૂકી સત્સંગ દૂર જાવું નહીં,*
*રહું પાસ કરી નિત્યવાસ,*
*જાણું મારા દાસ - પૂ.બાપુજી કહે છે સંતને...*
*કોઈ સ્નેહ કરી તન ત્યાગશે*
*તે તો પામશે કષ્ટ અપાર, વચન લોપનાર... બાપુજી...*
*થોડા દિન પછી તેડી રાખીશ મારી પાસ*
*જે મારા છે એ થશો નહીં ઉદાસ...*
*આ તન આવે છે જાણે જઈશ અક્ષરધામ*
*તજીને આ ઠામ... બાપુજી...*
*બીજા જે જીવો શરણે થયા છે*
*તે આ તન ત્યાગીને આવશે મારે ધામ.... બાપુજી...*

*(પૂજ્ય ગોમતીબાનું છેલ્લું ભજન તા. ૧૪-૧-૧૯૯૧)*

**આ ધનતેરસે ગોમતીબા ના જન્મને સો વર્ષ પૂરા થાય છે ત્યારે 'સેતુ' પરિવારના એમને શતાબ્દી વંદન.**

## દિવાળી આવી

*દિવાળી આવી, દિવાળી આવી*
*ફટાકડા ને મીઠાઈ લાવી*
*નવા ટીશર્ટ ને ફ્રોક લાવી દિવાળી આવી...*
*શાળામાં રજા, ફરવાની મજા*
*બાગ કે ખેતરમાં ઘૂમવાની મજા*
*મોસાળે મામાને ઘેર જવાની મજા*
*આનંદ ઉમંગને મસ્તી લીધી દિવાળી આવી...*
*આનંદમેળામાં મહાલવાની મજા*
*ચકડોળ હીંચકે ઝુલવાની મજા*
*વિવિધ વાનગી ખાવાની મજા*
*સ્વાદ ને સોડમ સાથે લાવી દિવાળી આવી...*
*ઝગમગતા દિવડાથી ઘર સજાવી*
*ધૂમ ધડાકાથી શેરી ગજાવી*
*શોરબકોર કલશોર કરાવી*
*હળવા મળવાના પ્રસંગ લાવી. દિવાળી આવી...*

**સૌજન્ય : એમ.કે. સૈયદ 'પિપલીયા'**

## ચંદાબેન બુધ્ધભટ્ટી

*તુલસીદાસ બુધ્ધભટ્ટી - અમદાવાદ*

આજે જ્યારે અમેરિકાની નાસા નામની વિશ્વમાં જાણીતી સંસ્થા સાથે સંકળાયેલ સુનીતા વિલિયમ્સ, ગુજરાતની પુત્રી, અવકાશયાનમાં લાંબી સફર કરીને, અવકાશમાં લાંબો સમય રહેવાનો વિક્રમ કરીને હિંદુસ્તાનનું નામ રોશન કરી રહેલ છે ત્યારે આજથી અડધી સદી ઉપરાંતના સમય પહેલા જ્યારે કચ્છના આકાશમાં વિમાન દેખાય તો લોકો કામધંધા છોડીને વિસ્મયતાથી એ વિમાનને જોયા કરતા હતા ત્યારે એ વિમાનને ૧૭ વરસની નાની વયે વ્યવસાયીક ધોરણે ઉડાડવાનું ગૌરવ મેળવનાર હતા પાંજા કચ્છના, ભુજ શહેરના કંસારા જ્ઞાતિમાં બુધ્ધભટ્ટી પરિવારના શ્રી જાદવજી બાપુભાઈના પુત્રી ચંદાબેન બુધ્ધભટ્ટી. તેમને સારાય ભારતમાં પ્રેમ માથુર અને દૂર્વા બેનરજી બાદ ત્રીજા ક્રમે મહિલા વ્યવસાયીક તરીકે પાઈલોટનું લાઈસન્સ મેળવવા બદલ કચ્છ ઈન્ડસ્ટ્રીયલ ગ્રુપ મુંબઈ તરફથી સત્કારવામાં આવેલ.



આમ નાની વયેથી ઉડાન બાદ તેમની અવિરત આકાશીય પ્રવૃત્તિને બિરદાવતાં, તેમની કારકીર્દિની કદર કરતાં નામો, ઉપનામો અને ખિતાબો તેમને મળતાં જ રહેલ છે. દા.ત. બેસ્ટ સ્પોટ લેન્ડીંગ ટ્રોફી, સ્પિરીટ ઓફ અમેલીયા રોલ મોડેલ, કચ્છ શક્તિ એવોર્ડ, ચક યીગર એરોસ્પેસ એજ્યુકેશન એવોર્ડ, ફર્સ્ટ વુમન પાઈલોટ ઓફ ગુજરાત, સ્પીડ રેકોર્ડ માટે નેશનલ એરોનોટીકલ એસોસિએશન, યુ.એસ.એ. અને વર્લ્ડ રેકોર્ડ માટે ફેડરેશન ઓફ એરોનોટીકલ ઈન્ટરનેશનલ, પેરીસ ફ્રાંસ તરફથી મળેલ બહુમાન મુખ્ય છે. તેઓ અમેરિકામાં કોમર્શિયલ પાઈલોટનું લાઈસન્સ મેળવનાર પ્રથમ ભારતીય મહિલા છે અને નજદીકના જ ભૂતકાળમાં ચાર વર્ષ પહેલાં ૨૦૦૪ની સાલમાં એમણે, સીપ્લેનનું લાઈસન્સ પણ પ્રથમ ભારતીય મહિલા તરીકે મેળવીને તેમની અત્યાર સુધીની કારકીર્દિમાં એક ઓર કલગીનો ઉમેરો કરેલ છે.

ભુજમાં માં મેઘબાઈ સતી થઈ ગયેલ જેમની યાદમાં તેમની દેરી આજે પણ કંસારાના વાડા તરીકે ઓળખાતી જગ્યાએ ભીડના નાકા બહાર સુરલભીટ જવાના રસ્તે આવેલ છે. આ સતીમાં મેઘબાઈ, કુંવરજીના વડદાદી થતા હતા અને કુંવરજીને સાત પુત્ર રત્નો હતા જેમના નામ જ્ઞાતિ વડીલ પાસેથી મળેલ જે આ મુજબ છે : (૧) દયાળજી, (૨) ડોસાજી, (૩) શામજી, (૪) દેવકરણ, (૫) ચાંપશી, (૬) જગશી અને (૭) વાઘજી. આમાંથી દેવકરણની પેઢીમાં બાપુભાઈના પુત્ર જાદવજીભાઈની પુત્રી તે ચંદાબેન. આ જાદવજીભાઈની જાહોજલાલી તેમના કચ્છના રા'બાવા એટલે રાજા રા'ખેંગારજી ત્રીજાની નજદીકીને કારણે હતી. તેઓ આમ તો એ જમાનામાં મોટર મિકેનીક અને એકમાત્ર મોટર માલીક કચ્છના રા'બાવા જેને લીધે તેઓ હંમેશા તેમની સાથેજ હોય અને તેમની મોટર પણ ડ્રાઈવ કરે. એટલે લોકો તો એમને બાવાના ડ્રાઈવર તરીકે જ ઓળખે. પરંતુ એમની બાવા સાથેની દોસ્તીને કારણે વગ એટલી કે સત્તાધારી કચ્છના દીવાનને પણ ઈર્ષ્યા ઉપજાવે. કહેવાય છે કે તેમની પ્રેરણાથી કચ્છમાં પ્રથમવાર પબ્લિક ટ્રાન્સપોર્ટ સેવા ભુજ - માંડવી અને ભુજ - મુંદ્રાની બસ સર્વિસનો ઈજારો આપવામાં આવેલ. આ માં મેઘબાઈની સાતમી પેઢીએ પરિવારનું નામ ફરી રોશન કરનાર એટલે આ જાદવજીભાઈની પુત્રી ચંદાબેન. જેમના જન્મની તારીખ, મહિનો અને વર્ષ, બધા જ ૩ ના આંકડાની હરોળમાં આવે છે.

આ ચંદાબેનની કારકીર્દિ, પ્રવૃત્તિઓ અને એમણે મેળવેલ માન-અકરામોની યાદી બનાવું તો આ લેખ એમાં જ પૂરો થઈ જાય અને આવા ત્રણ-ચાર પેઈજ બીજા વપરાઈ જાય. પરંતુ ઉલ્લેખનીય કહી શકાય એવું ભણતર એટલે એરોનોટીકલ સોસાયટી ઓફ ઈન્ડિયાની ફેલોશીપ. ઈન્ડિયન પાઈલોટ એસોસિએશનના પ્રમુખ, વર્લ્ડ એવિએશન એજ્યુકેશન અને સેફટી કોંગ્રેસના ચેરપર્સન, નાઈન્ટી નાઈન ઈન્કો. (ઈન્ડિયા)ના ફાઉન્ડર ગવર્નર, વિમેન ઈન ફ્લાઈટ યુ.એસ.એ.ના ફોર્મર ચેરપર્સન, વિ. ડઝનેક સંસ્થાઓમાં હોદ્દેદાર અને ૧૫થી ૧૭ સંસ્થાઓની મેમ્બરશીપ અને બોર્ડ મેમ્બરશીપ સાથે ખૂબ જ વ્યસ્ત રહેતા ચંદાબેનનો કોન્ટેક્ટ આ લેખ લખતાં પહેલા થયો હોત તો કદાચ વધારે માહિતી મેળવી શકત.

છેલ્લે, મારી જાણમાં આવેલ છે તે મુજબ અત્યારે પણ, પોણી સદીના આરે ઊભેલ ચંદાબેન, ભારત અને ગુજરાતની ઉભરતી સ્ત્રી શક્તિને, જેને પાઈલોટ બનવાની ધગશ હોય તેમને સંપૂર્ણ ગાઈડન્સ પૂરૂં પાડે છે અને યોગ્ય સલાહ સૂચનો પણ કરતા રહે છે. કહો કે આ એમની હાલની મનગમતી પ્રવૃત્તિ છે.

આપણે આશા રાખીએ, તેમનો આ પરિચય વાંચ્યા બાદ આકાશીક્ષેત્રે ઉડવાની મહત્વાકાંક્ષા ધરાવતી બાળાઓ તેમનો સંપર્ક કરશે અને આ દિશામાં માહિતી મેળવી તેમની કારકીર્દિના લક્ષ્યાંક નક્કી કરશે. ■

***મહામંડળનું એક જ ધ્યેય, સર્વજ્ઞાતિજનનું સમગ્ર શ્રેય.***

## જ્યોતિકા

**(કલા, વ્યવસાય અને સેવાનો ત્રિવેણી સંગમ)**

અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ગુજરાત કેન્સર રીસર્ચ એન્ડ હોસ્પિટલના પ્રોસ્થેટીસ વિભાગમાં આપણી જ્ઞાતિનાં એક યુવતી મેડિકલ સ્ક્લપ્ટર તરીકે કાર્યરત છે.

મૂળ કચ્છ તેરાના વતની શ્રી હરીરામ વેલજીભાઈ સોની - જેઓ છેલ્લા ૫૦ વર્ષથી ઉત્તરસંડા (જી. નડિયાદ)માં સ્થાયી થયા છે, જ્યોતિકાબેન તેમના સુપુત્રી છે. એસ.એસ.સી. પછી, એમની કળા પ્રત્યે ઋચિ અને માતા-પિતાની પ્રેરણાથી એમણે શિલ્પકળા ક્ષેત્રે વલ્લભવિદ્યાનગર - આણંદની ફાઈન આર્ટસ કોલેજમાં શિલ્પકળાનો અભ્યાસ કર્યો. ત્યારબાદ બે વર્ષનો ડ્રોઈંગ ટીચરનો ડિપ્લોમા મેળવ્યો. પરંતુ એમના સેવાભાવી માતુશ્રીની પ્રેરણાથી એમણે પ્રોસ્થેસીસનો વિશેષ અભ્યાસ કર્યો અને ૧૯૮૫થી ઉપરોક્ત હોસ્પિટલમાં એમની સેવાઓ આપી રહ્યા છે. આ વાત કરતાં, જ્યોતિકાબેને એમનાં માતુશ્રીના આ શબ્દો કહ્યા હતા "કોઈ એવી લાઈન લે કે જેમાં દર્દીની સેવા થાય અને એ ખુશ થઈને સમાજમાં એની ઉણપનો ભાર લઈને ન ફરે." ખરેખર, જ્યોતિકાબેને એવું જ ક્ષેત્ર પસંદ કર્યું છે અને અનેક દર્દીઓના વિકૃત અંગોને કૃત્રિમ અવયવો વડે પુનઃ જીવન બક્ષ્યું છે. બોક્સમાં પ્રોસ્થેસીસ શું છે તે વિશે, વિશેષ માહિતી એમણે આપી છે.

### પ્રોસ્થેટીસ

પ્રોસ્થેટીસ એ મેડિકલ ભાષાનો શબ્દ છે. તેનો અર્થ કુદરતી જેવા કૃત્રિમ અંગ. એટલે કે આર્ટીફિશીયલ લીમ્બ (Artificial Limb) શબ્દની જગ્યાએ પ્રોસ્થેસીસ શબ્દ વપરાય છે. કેન્સરનાં દર્દીઓ કેન્સરમાં જે તે અંગ ગુમાવી દેતા હોય છે. ચહેરાનો કોઈ પણ ભાગ, આંખ, કાન, નાક, ગાલ, કપાળ વગેરે. આ ભાગો ઉપર પ્લાસ્ટીક સર્જન પ્લાસ્ટીક સર્જરી થાય ત્યાં સુધી કરી દેતા હોય છે. પરંતુ ક્યારેક તે નિષ્ફળ જાય ત્યારે પ્રોસ્થેસીસનો સહારો લેવો પડે છે. અને જે તે કૃત્રિમ અવયવ બનાવીને મૂકવામાં આવે છે. તેવી જ રીતે બળી ગયેલ દર્દી અને જન્મથી જ ખોડખાંપણવાળા દર્દીને જે તે અંગ બનાવીને મૂકવામાં આવે છે. અને આ કામ કેન્સર હોસ્પિટલમાં જ કરવામાં આવે છે. તેમાં વપરાતું દ્રવ્ય સીલીકોન રબર હોય છે, જે કુદરતી જેવું જ લાગે છે. દર્દીની ઉણપને પૂરવા માટે ૮૦% જેવું જ કુદરતી બનાવવામાં આવે છે. તેના રંગ અને આકાર કુદરતી ચામડીને અનુરૂપ તૈયાર કરવામાં આવે છે. કુદરતી જેવું પરંતુ કૃત્રિમ હોય છે.

સુશ્રી જ્યોતિકાબેનની સેવાઓનો લાભ આપણા ઘણા ભાઈ-બહેનો અને કચ્છથી આવતા અનેક દર્દીઓને મળતો રહ્યો છે. જો કે તેમના માટે તો બધા દર્દી, નાત, જાત, ધર્મ, પદ, પ્રતિષ્ઠા કે પૈસાના ભેદભાવ વિના સરખા જ છે. છતાં જ્યારે કોઈ કચ્છી પરિવાર એમના સંપર્કમાં આવે ત્યારે સ્વાભાવિક રીતે જ આત્મીયભાવ પ્રગટ થાય છે. એ જ રીતે આપણી જ્ઞાતિની કોઈ વ્યક્તિઓને પણ સેવા તો બધાને સરખી મળે છે પરંતુ દર્દી એને સ્વજન સમજ્યા વિના રહેતો નથી.

જ્યોતિકાબહેન કહે છે કે : "મેં માતા-પિતાની પ્રેરણાં અને મહેનતને મારી રીતે સમજીને કંઈક આવો પ્રયત્ન કર્યો છે. મારો પ્રયાસ તો રામાયણમાં ખિસકોલી પથ્થર લઈને રામસેતુ બનાવવામાં મદદ કરે છે, તેવો નગણ્ય છે."

*"હું માનું છું કે સમાજમાં દરેક દીકરા-દીકરીને કોઈપણ ભોગે ઉચ્ચ અભ્યાસ કરવો જ જોઈએ. એ જ આધુનિક યુગની માંગ છે. તો સૌ પ્રયત્ન કરે તેવી આશા."*

***માહિતી સંકલન : પ્રશાંત બીજલાણી - અમદાવાદ***

---

## માતૃત્વની દીક્ષા

*ગઈકાલની ઉછળતી કૂદતી એક નવયૌવનાએ,*
*આ ક્ષણે એક શિશુને જન્મ આપ્યો છે.*
*હે પ્રભુ,*
*માતૃત્વની દીક્ષા પામેલી એ સૌભાગ્યશાલિનીને*
*તારા હજારો હાથ વડે તું અમિરસથી*
*છલકાવી દે અને તેના*
*તન-મનને શક્તિના સ્રોતથી ભરી દે.*
*નિર્દોષ નાનકડી આંખે આ જગતને*
*ટગર-ટગર જોતી આ જીંદગીને*
*માતાનો મક્કમ સાથ તારી જ કૃપાથી*
*મળી શકશે.*
*હે શાશ્વત પ્રેમના અધિષ્ઠાતા,*
*માતૃહૃદયને તું અપાર પ્રેમ, કરૂણા અને*
*ધૈર્યથી ભરી દે જેનાથી તેનું જીવન તેના બાળક*
*માટે અખૂટ પ્રેરણાનો ભંડાર બને.*
*તેના બાળકની એક એક પગલી*
*આ ધરતીને વધારે સુંદર*
*વધુ રળીયામણી અને વિશેષ*
*જીવવાલાયક બનાવે.*
*એક માતૃ હૃદયને આથી વિશેષ*
*તારી પાસેથી બીજું જોઈએ પણ શું?*

***ભાવિની લક્ષ્મીકાંત કટ્ટા***

## મા એટલે મા

- ✪ પ્રેમ શબ્દને સાકાર થવાનું મન થયું એટલે "મા"નું સર્જન થયું.
- ✪ મારે ખરી, પણ બીજાને મારવા ન દે તે જ ખરી "મા".
- ✪ સંતાનોના દુઃખે દુઃખી... અને એમના જ સુખે સુખી... એટલે "મા".
- ✪ "મા" સંપૂર્ણ શબ્દ છે. મહાવિદ્યાલય છે, પ્રેમનું મંદિર છે.
- ✪ જેને બીજી કોઈ ઉપમા આપી શકાતી નથી, તેને 'મા' કહેવાય.

# મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજ

## ભુજમાં મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા ૧૮૭ તેજસ્વી છાત્રોનું સન્માન થયું

મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા ગત વર્ષના ૧૮૭ તેજસ્વી તારલાઓનો સરસ્વતી સન્માન સમારોહ તાજેતરમાં લોહાણા મહાજનવાડી ભુજ ખાતે સોની પ્રભુદાસ ખેતશી ગુજરાતીના અધ્યક્ષપદે યોજાયો હતો.

અતિથિ વિશેષપદે નવીનભાઇ ઇન્દરજી હેડાઉ, ભાઇલાલભાઇ પોમલ, ઝવેરીલાલભાઇ શિવજી બુદ્ધભટ્ટી, અંજાર જ્ઞાતિ પ્રમુખ શિવલાલભાઇ, માંડવી જ્ઞાતિ પ્રમુખ વિનોદભાઇ હેડાઉ, પશ્ચિમ કચ્છ નખત્રાણા જ્ઞાતિ અગ્રણી હીરાલાલભાઇ બગા, ઉત્કર્ષ મંડળ, ગાંધીધામના ભરતભાઇ બગા, કાંતિભાઇ હેડાઉ તથા વેલુબેન બુદ્ધભટ્ટી, શારદાબેન પોમલ, જયશ્રીબેન પરમાર, લતાબેન સોલંકી, નર્મદાબેન છત્રાળા, કારોબારી સભ્યો સહિત ઉપસ્થિત રહ્યા હતા.

સમારોહના કન્વીનર ચેતનભાઇ ઇશ્વરલાલ બારમેડા અને શૈક્ષણિક કાયમી ફંડ મંત્રી મૂળજીભાઇ કટ્ટાએ શૈક્ષણિક માહિતી આપી હતી. ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલભાઇ સોલંકીએ તેજસ્વી વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. તેઓશ્રીએ પાર્ટી પ્લોટ ખરીદવા માટે બધી જગ્યાએથી જ્ઞાતિજનો દ્વારા સારો સહકાર મળ્યો હોવાનું જણાવ્યું હતું. ધો. ૧ થી ૯ ગુજરાતી તથા ઇંગ્લીશ માધ્યમના પ્રથમ ૩ વિદ્યાર્થીઓને સન્માનપત્ર સાથે ઇનામો અપાયા હતા.

કુ. નેહા હસમુખભાઇ બગા - ભુજનું, ધો. ૧૦માં બોર્ડમાં દસમું સ્થાન અને કચ્છમાં પ્રથમ આવવા બદલ, કુ. જાગૃતિ પ્રકાશભાઇ મૈચા, માનકૂવાનું ગુજરાત યુનિ. એસ.વાય. બી.કોમમાં દ્વિતીય સ્થાન માટે, પાર્થ સુરેશચંદ્ર સાકરિયાનું (ડો. ઓફ ડેન્ટલ) થતાં, કુ. આરોહી ભરતભાઇ પરમાર બેપ્સ દ્વારા આયોજિત કીર્તન સ્પર્ધામાં રાષ્ટ્રીય કક્ષાએ તૃતીય સ્થાન બદલ, કુ. ડોલી ચંદ્રમોહન બુદ્ધભટ્ટી ભુજનું ગુજરાત પ્રદેશ મધ્યસ્થ શિક્ષણ સમિતિ દ્વારા સુલેખન સ્પર્ધામાં રાજ્યમાં પ્રથમ સ્થાન બદલ, કુ. બંસરી હીરાલાલ પોમલ, ભુજનું મિસ ગુજરાત વિકલાંગ સ્પર્ધામાં 'ગુજરાત સુંદરી' વિજેતા થતાં અને કુ. મેઘના સતીષભાઇ બગાએ જિલ્લા કક્ષાએ અંડર-૧૯ જીમ્નેસ્ટીકની સ્પર્ધામાં પ્રથમ આવતાં સન્માનપત્ર અને શિલ્ડ સુનીલભાઇ કંસારા અને મંત્રી દિલીપભાઇ બગાના હસ્તે અપાયા હતા. મહિલા મંડળના પ્રમુખ લતાબેન સોલંકીએ માહિતી આપી હતી કે મંડળ આયોજિત કુકિંગ, પરફ્યુમ વર્ગના આયોજન બદલ કુ. સુધાબેન એ. બુદ્ધભટ્ટી તથા રોહિણીબેન બુદ્ધભટ્ટીનું સન્માન કરાયું હતું.

યુવક મંડળ દ્વારા યોજાયેલી ચેસ, કેરમ વગેરે સ્પર્ધાના વિજેતાઓને, અનિલભાઇ છત્રાળા, સુરેશભાઇ બિજલાણી તેમજ દાતા મહેશભાઇ ગુજરાતીના હસ્તે ઇનામો અપાયા હતા. કોલેજ કક્ષાના તમામ ઇનામોનું વિતરણ કરાયું હતું.

ઇનામોના દાતાઓમાં ધો. ૧ થી ૯ના ચંચળબેન વેલજી ભગવાનજી (આફ્રિકાવાળા) હસ્તે નવીનભાઇ હેડાઉ; ધો. ૧ થી ૧૨ અંગ્રેજી માધ્યમના ઇનામો સ્વ. લાડુબેન નરભેરામ સોલંકી, હસ્તે, પ્રાણલાલભાઇ સોલંકી; ધો. ૧૦ થી કોલેજ ડિપ્લોમાના ઇનામો સ્વ. ખેતશી ખેંગાર ચેરિટેબલ ટ્રસ્ટ, હસ્તે પ્રભુદાસભાઇ ગુજરાતી; ઉપરાંત પ્રોત્સાહિત ઇનામો અપાયા હતા.

આ કાર્યક્રમમાં જ્ઞાતિના ઉપપ્રમુખ કિશોરભાઇ ચનાણીના પત્ની વનીતાબેનનું અવસાન થયું તે અંગે શોક પ્રગટ કરાયો હતો. તેમના સ્મરણાર્થે શૈક્ષણિક કાયમી ફંડ રૂા. ૫૧,૦૦૦/-ની જાહેરાત કરાઇ હતી. ઉપરાંત રૂા. ૧૧૧૧૧/- સ્વ. ભૂપેન્દ્રભાઇ દયારામ ચૌહાણના સ્મરણાર્થે હ. દયારામભાઇ, ૧૧૦૦૦/- મગનભાઇ વેલજી ચનાણી તેમજ રૂા. ૧૧૧૧૧/- સ્વ. મણિલાલ જેરામ છત્રાળા પરિવાર તરફથી અપાયા હતા.

સાંસ્કૃતિક સમિતિના કન્વીનર ચેતન બારમેડા, હિતેશ પોમલ વગેરે જ્ઞાતિના કાર્યકરોએ સહયોગ આપ્યો હતો. આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ સંચાલન-કન્વિનર ચેતનભાઇ બારમેડાએ અને આભારવિધિ મંત્રી સુરેશભાઇ બીજલાણીએ કરી હતી.

*સૌ. કચ્છમિત્ર*

## બાવીસમા સમૂહ લગ્નનું આયોજન

ભુજ જ્ઞાતિના પ્રમુખ શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી જણાવે છે કે સને ૧૯૮૬માં દ્રઢ સંકલ્પ સાથે આપણી જ્ઞાતિમાં શરૂ થયેલ સમૂહ લગ્ન જેવી સામાજીક પ્રવૃત્તિ જ્ઞાતિજનો માટે આશીર્વાદ સમાન પુરવાર થયેલ છે. લગ્ન પ્રસંગે જ્ઞાતિજનોને આર્થિક રૂપે, સમય રૂપે કે કાર્યકરના અભાવ રૂપે વિટંબણાઓ હોય છે. સમૂહ લગ્ન એક સામાજીક કવચ પુરૂં પાડી, આવી મુશ્કેલીઓ દૂર કરે છે.


જ્ઞાતિએ એકવીસ સમૂહ લગ્નો સફળતાપૂર્વક પાર પાડી આગામી કારતક વદ-૯, સોમવાર તા. ૩-૧૨-૦૭ના રોજ બાવીસમા સમૂહ લગ્નનું આયોજન કરેલ છે. સમૂહ લગ્નમાં જોડાવા માટે પ્રવેશ ફોર્મ તા. ૨૧-૧૦-૦૭થી ૧૫-૧૧-૦૭ સુધી ભરી શકાશે.

સમૂહ લગ્નના આયોજન બાબતે જ્ઞાતિજનોની કોઇપણ રજુઆત કે સૂચન સહર્ષ આવકાર્ય છે. સમૂહ લગ્નની વિશેષ માહિતી માટે કન્વીનર શ્રી નીતિન અમૃતલાલ હેડાઉ (મો. ૯૮૭૯૦ ૮૦૫૩૬) અથવા જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી (ફોન : (ઓ) ૦૨૮૩૨-૨૦૯૦૧૪)નો સંપર્ક કરવા વિનંતી છે.

આપણી જ્ઞાતિની જનસંખ્યામાં થતાં વધારાને કારણે સમૂહ લગ્નોનું આયોજન વિશાળ બનતું જાય છે. આવા વિશાળ કાર્યને પહોંચી વળવા કાર્યકરોની ભૂકંપ બાદ થોડી મુશ્કેલી વર્તાઇ હોઇ આ સમૂહ લગ્નમાં ભુજના ભાઇઓ સાથે બહેનો પણ મોટી સંખ્યામાં કાર્યકર તરીકે જોડાય તેવું જ્ઞાતિ ઇચ્છે છે. જેથી સક્રિય રીતે સમય ફાળવી શકે તેવા કાર્યકરોએ પોતાના નામો સમિતિ પાસે નોંધાવી જવા વિનંતી.

***અમૃતલાલ જેઠાલાલ સોલંકી - પ્રમુખ***

અતુલ પી. સોની
ફોન : ૨૨૧૦૩૦



મે. સોની પ્રવિણચંદ્ર
વિશનજી

(અંગીયાવાળા)

સોના ચાંદીના ફેન્સી કલાત્મક
દાગીના બનાવનાર તથા વેચનાર

બસ સ્ટેશન રોડ, રંજના લોજની બાજુમાં,
નખત્રાણા, કચ્છ.

પ્રો. કિશોરકુમાર લાલજી પરમાર
(રસલીયાવાલા)

ચામુંડા જ્વેલર્સ

સોના ચાંદીના દાગીના બનાવનાર

આઝાદ ચોક, મેઈન બજાર,
નખત્રાણા.
મો. ૯૯૨૫૧ ૩૪૦૯૦

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતી યુવક મંડળ - નખત્રાણા



*ધોરણ-૧૨ના વિદ્યાર્થિનીનું સન્માન કરતા*
*નખત્રાણા જ્ઞાતિના અગ્રણી શ્રી હેમેન્દ્રભાઈ કંસારા*



*સરસ્વતી સન્માન કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય કરતાં*
*સમાજના પ્રમુખ શ્રી હિંમતભાઈ સોની, હીરાલાલભાઈ સોની, હેમેન્દ્રભાઈ કંસારા,*
*યુવક મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ સોની તેમજ જ્ઞાતિના તમામ અગ્રણીઓ*

શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતિ યુવક મંડળ આયોજીત 'સરસ્વતી સન્માન-૨૦૦૭' કાર્યક્રમ નખત્રાણા સમાજના પ્રમુખ હિંમતલાલ બેચરલાલ બગ્ગાના પ્રમુખ સ્થાને યોજાયો હતો.

આ કાર્યક્રમમાં એલ.કે.જી.-ધો. ૧ થી કોલેજ તથા વિશિષ્ટ ડિગ્રી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી ભાઇ બહેનોનું સન્માન આગેવાનોના વરદ્ હસ્તે કરવામાં આવેલ.



*સાંસ્કૃતિક કાર્યક્રમની ઝલક*

કાર્યક્રમની શરૂઆતમાં નાની બાળાઓના સરસ્વતી વંદના બાદ નખત્રાણા સમાજના મંત્રી શ્રી રવજીભાઇ કે. સોનીએ સ્વાગત પ્રવચનમાં મહેમાનોને આવકાર્યા હતા. આ પ્રસંગે સમાજના અગ્રણી શ્રી હેમેન્દ્રભાઇ કંસારા, હીરાલાલ મોહનલાલ સોની, ભોગીલાલભાઇ સોની, લખમશીભાઇ ઈશ્વરલાલ સોનીએ આગામી માસમાં કચ્છ જીલ્લા ખાતે મહામંડળ દ્વારા યોજાનારા પરિચય મેળા અંગેની વિસ્તૃત વાત કરી હતી અને આ કાર્યક્રમમાં શીવલાલભાઇ સોની (અંજાર), ભરતભાઇ બગા (ગાંધીધામ), વિનોદભાઇ, સુરેશભાઇ સોની (માંડવી)એ ખાસ ઉપસ્થિત રહી સંબોધન કરેલ. જેમાં વિદ્યાર્થી ભાઇ બહેનોને ઉચ્ચ અભ્યાસ માટે જરૂરી આર્થિક સુવિધા ઊભી કરવા ભાર દીધો હતો.

સમાજના નાના ભુલકાંઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમ કે જે ૨ કલાક જેવો ચાલેલ જે કાર્યક્રમમાં તમામને જકડી રાખેલ હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા યુવક મંડળ પ્રમુખ દિનેશ બેચરલાલ સોની, ઉપ પ્રમુખ પ્રફુલભાઇ એમ. કંસારા, મંત્રી ભરત વિશનજી સોની, કૌશિક બી. સોની, રાજેશ મુળજી સોની, રમણીકલાલ સોની, ધીરજલાલ બારમેડા, અનીલ સોલંકી, પ્રકાશ કટ્ટા, જયેશ કટ્ટા, દિપક કટ્ટા, તરૂણ પી. સોની, દિનેશભાઇ બગ્ગા, રમેશ કટ્ટા, કિશોર સોની વિગેરેનો સહકાર મળ્યો હતો.

સાંસ્કૃતિક કાર્યક્રમની સમગ્ર વ્યવસ્થા મહિલા મંડળના જયોતીબેન સોની તથા કલ્પનાબેન સોનીએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હેતલબેન વિનોદભાઇ સોનીએ કરેલ હતું.

**પ્રફુલ્લભાઇ કંસારા - ઉપ પ્રમુખ**

---

*માન, પ્રતિષ્ઠા, કીર્તિના*
*બનાવે છે માનવી આજે ઊંચા ગબ્બર*
*"લાગવગ" સાથે દોસ્તી કરીને*
*મેળવે છે બધામાં પહેલો નંબર*

*આવા પાપોને બગાડવા માટે*
*કામ આવે છે એમને માત્ર "રૂપિયાની રબર"*
*પણ "જીનલ" ખબર નથી કે,*
*અંતે તો બનવાની છે બધાની 'કબર.'*

**કુ. જીનલ પી. સોની - નાગલપુર, માંડવી**

# મારૂ કંસારા સોની જ્ઞાતિ ગુજરાતી (ગેહલોત) પરિવાર, માનકુવા

તા. ૧૯-૮-૨૦૦૭ના રવિવારના માનકુવા મધ્યે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ગુજરાતી (ગેહલોત) પરિવારનો દ્વિતીય સરસ્વતી સન્માન પરિવારના પ્રમુખ શ્રી બકુલભાઇ જે ગુજરાતીના પ્રમુખસ્થાને સન્માન કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિના પ્રમુખ શ્રી તથા પરિવારના રાહબર એવા વડીલ શ્રી પ્રભુદાસભાઇ ખેતશી દ્વારા કરાયું. પ્રારંભિક ઉદ્‌બોધનમાં શ્રી પ્રભુદાસભાઇએ ઉચ્ચ શિક્ષણની જરૂરીયાત અંગે ભાર મુક્યો હતો અને પરિવારના દરેક બાળક શિક્ષણની સાથે સાથે અન્ય ક્ષેત્રોમાં પણ સર્વાંગી વિકાસ સાધે એવી ઇચ્છા વ્યક્ત કરી હતી.



આ કાર્યક્રમમાં એલ.કે.જી.થી કોલેજ સુધીના ૪૩ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ઇનામ વિતરણની સાથે એક નાનકડા સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો આ પ્રસંગે શ્રી હેમેન્દ્રભાઇ કંસારાએ કન્યા કેળવણી ઉપર ભાર મુક્યો હતો તથા આવા કાર્યક્રમો દર વર્ષે થતા રહે તેવી ભાવના વ્યક્ત કરી હતી સન્માનીત થયેલા વિદ્યાર્થીઓમાં પણ પોતાનું જે સન્માન થયેલ છે તે અંગેના પોતાના મંતવ્યો રજુ કર્યા હતા. જેમાં તેઓએ આ સન્માનને પોતાનું શૈક્ષણિક પ્રગતિનું પ્રેરણારૂપ પગલું ગણાવ્યું હતુ અને વિદ્યાર્થીઓનું સન્માન એ ખરા અર્થમાં મા સરસ્વતી નું સન્માન છે. જે સમાજમાં માતા સરસ્વતીનું સન્માન થતુ રહે તે સમાજ હમેશાં પ્રગતિ કરે છે જેવા મંતવ્યો રૂપબેન જયેશભાઇ, ભાવિકભાઇ કંસારા, નિરાલીબેન સોનીએ રજુ કર્યા હતા. આ પ્રસંગે ખાસ નૈરોબી (આફ્રિકા)થી શ્રી દિલીપભાઇ જે. ગુજરાતી હાજર રહ્યા હતા. પરિવારના વડીલશ્રી રતિલાલભાઇ સોની, જયેશભાઇ વાલજી સોની, હરિલાલભાઇ ઝવેરીલાલ કંસારા, દિનેશભાઇ સોની, રામદાસભાઇ સોની, મુકુંદભાઇ સોની સહિતના પરિવારના વડીલોના વરદ્ હસ્તે બાળકોને સન્માનિત કર્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ શ્રી બકુલભાઇ જે ગુજરાતી, મહેશભાઇ એમ કાસાર તથા મુકુંદભાઇ ધનજી સોની તથા જીજ્ઞાબેન સોની અને નિરાલીબેન સોનીએ જહેમત ઉઠાવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષણ સમિતિના પ્રમુખ દર્શનાબેન પ્રતીક્ષભાઇ સોનીએ કર્યુ હતું.

કાર્યક્રમ બાદ સમુહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

***મહેશ એમ કંસારા - મંત્રી, ગુજરાતી (ગેહલોત) પરિવાર***

## કુ. નેહા બગ્ગાને 'જન્મભૂમિ' ગ્રુપ રજતચંદ્રક



૨૦૦૭માં એસ.એસ.સી.માં સમગ્ર કચ્છમાં પ્રથમ આવેલી માતૃછાયાની વિદ્યાર્થીની નેહા બગ્ગાને જન્મભૂમિ અખબાર જૂથના મેનેજિંગ તંત્રી કુંદનભાઈ વ્યાસના હસ્તે રજત ચંદ્રક અને પ્રમાણપત્ર એનાયત થયું ત્યારની તસવીરમાં સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ટ્રસ્ટી દામજીભાઈ એન્કરવાલા, રોટરી પ્રમુખ સુરેન્દ્રભાઈ ક્ષત્રિય, તંત્રી કીર્તિભાઈ ખત્રી અને મેનેજર શૈલેષભાઈ કંસારા. ***સૌ. કચ્છમિત્ર***

## શ્રી મારૂ કંસારા સોની મહામંડળ દ્વારા આયોજીત નિબંધ સ્પર્ધાના પરિણામો જાહેર

મહામંડળની શિક્ષણ સમિતિ અંતર્ગત સૌપ્રથમ વખત યોજાયેલ નિબંધ સ્પર્ધામાં ૩૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. સ્પર્ધાના નિર્ણાયકો સુશ્રી મંજરીબેન અંજારીયા, સુશ્રી નીલાબેન વર્મા તથા શ્રી નીતિનભાઈ ઠક્કર દ્વારા તમામ કૃતિઓનું તટસ્થ મૂલ્યાંકન કરવામાં આવેલ. સ્પર્ધામાં વિજેતા જાહેર થયેલ નામો નીચે મુજબ છે.

- **પ્રથમ : બારમેડા રીતુ કિશોરભાઈ - ભુજ**
- **દ્વિતીય : છત્રાળા મહેશકુમાર તુલસીદાસ - અંજાર**
- **તૃતીય : કોટડીયા માનસી દીપકકુમાર - માંડવી**
- **ચતુર્થ : કોટડીયા પ્રીતિ ધનસુખભાઈ - ભુજ**
- **પંચમ : મહીચા કૃપાલી ગોરધનદાસ - માધાપર**

વિજેતા તથા ભાગ લેનાર સ્પર્ધકોને હાર્દિક અભિનંદન.

***કિશોરભાઈ સોની - ભુજ***

# મારૂ કંસારા સોની જ્ઞાતિ 'સ્વ-ઉત્કર્ષ' મહિલા મંડળ - અંજાર

• કુ. એકતા કટ્ટા - અંજાર •

## નવરાત્રી ઉત્સવ

અંજારના શ્રી કાલીકા માતાજી મંદિર મધ્યે છેલ્લા ત્રણ વર્ષથી જ્ઞાતિ મહિલાઓ માટે આયોજીત 'નવરાત્રી ઉત્સવ'ને શ્રી મા.કં.સો. જ્ઞાતિ 'સ્વ-ઉત્કર્ષ' મહિલા મંડળ - અંજાર દ્વારા બૃહદ્ સ્વરૂપ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો. તા. ૧૨-૧૦-૦૭ શુક્રવારથી તા. ૨૧-૧૦-૦૭ રવિવાર સુધી શ્રી કાલીકા માતાજી મંદિર સામે, સાંજે ૫.૦૦ કલાકથી ૭.૦૦ કલાક સુધી પરંપરાગત રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ અંતર્ગત પ્રતિ દિન બેસ્ટ પ્લેયર (ચાઈલ્ડ), બેસ્ટ પ્લેયર તથા વેલડ્રેસને ત્રણ ઈનામો દ્વારા બિરદાવવામાં આવ્યા હતા. જ્ઞાતિનાં જ જુદા જુદા મહિલા નિર્ણાયકો દ્વારા લેવાયેલ નિર્ણય અને ઈનામોએ બાળકો તથા મહિલાઓને ઉત્સાહ સાથે ઉત્સવ માણવા પ્રેરીત કર્યા હતા. અંદાજે ૬૫થી ૭૦ બાળકો તથા ૧૦૦થી ૧૨૫ મહિલાઓની ઉપસ્થિતિ આયોજકોની સફળતા દર્શાવતી હતી.

શ્રીમતી શાંતાબેન એ. બારમેડા, શ્રીમતી પીંકીબેન એન. કટ્ટા, શ્રીમતી અંજનાબેન એન. પોમલ, શ્રીમતી ભગવતીબેન એચ. કટ્ટા, શ્રીમતી શારદાબેન એન. ગોહીલ, શ્રીમતી ભાગીરથીબેન વી. હેડાઉ, શ્રીમતી રીમાબેન એસ. પોમલ, શ્રીમતી સુશીલાબેન ડી. મૈચા, શ્રીમતી દયાબેન જે. છત્રાળા, શ્રીમતી પ્રવીણાબેન પી. બારમેડા, શ્રીમતી ચંદ્રિકાબેન એન. બારમેડા, શ્રીમતી હંસાબેન એસ. બારમેડા, શ્રીમતી આશાબેન ડી. છત્રાળા, શ્રીમતી રસીલાબેન એમ. સોલંકી તથા શ્રીમતી નર્મદાબેન વી. બીજલાણીએ આયોજન અંતર્ગત ઈનામો તથા પ્રસાદ વ્યવસ્તામાં સહકાર આપવા સાથે સાથે શ્રીમતી આરતીબેન જે. ગોહિલ, શ્રીમતી સુરૂચિબેન મૌલીકભાઈ બારમેડા, શ્રીમતી હેમલતોન જે. પોમલ, શ્રીમતી પ્રવીણાબેન ડી. બારમેડા, કુ. રૂપા એન. ગોહિલ, કુ. પૂજા એસ. બારમેડા, કુ. કવિતા જે. પોમલ અને કુ. પ્રીતિ જે. પોમલે કાર્યક્રમની સફળતામાં વ્યવસ્થાકીય સહકાર આપ્યો હતો. ઉપરાંત અન્ય જ્ઞાતિ શ્રેષ્ઠીઓ દ્વારા ઉપસ્થિત તમામ કુમારીકાઓને સાતમ, આઠમ, નોમ તથા દશેરાના દિવસે વિવિધ વસ્તુઓ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## શરદ પૂર્ણિમા ઉત્સવ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - અંજાર તથા શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ યુવક મંડળ - અંજારના સહર્ષ સહકાર સાથે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ 'સ્વ-ઉત્કર્ષ' મહિલા મંડળ – અંજાર દ્વારા તા. ૨૬-૧૦-૨૦૦૭, શુક્રવારે રાત્રે ૧૦.૦૦ કલાકથી આયોજીત શરદ પૂર્ણિમા ઉત્સવનું શ્રી મા.ક.સો. જ્ઞાતિ સમાજવાડી મધ્યે સમગ્ર જ્ઞાતિજનોએ આનંદ માણ્યો હતો. અંજાર જ્ઞાતિના પ.પૂ.ગોરબાપાશ્રી તથા જ્ઞાતિ શ્રેષ્ઠીઓનાં વરદ્ હસ્તે દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ શ્રી વિનય સોની પ્રસ્તુત વી.આર. મ્યુઝીકના સંગાથે પ્રથમ રાસ ગરબા રાઉન્ડ, જે અંતર્ગત જ્ઞાતિ બાળકો તથા મહિલાઓ - યુવતીઓ જોડાયા હતા. દાંડિયા-રાસના દ્વિતીય રાઉન્ડમાં બાળકો સાથે યુવક-યુવતીઓએ આનંદ માણ્યો હતો.





અલ્પાહારનો આનંદ માણતાં પ્રેક્ષકોની ઉપસ્થિતિએ આયોજકોનો ઉત્સાહ વધાર્યો હતો. બાળકો, યુવક-યુવતીઓ તથા જોડીઓનાં વિવિધ ચાર સ્તરોનાં વેલ ડ્રેસ તથા બેસ્ટ પ્લેયરને બિરદાવવામાં આવ્યા હતા. શ્રી અ.ભા.કં.મા.સો. જ્ઞાતિ મહામંડળ પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ સોની તથા શ્રી મા.કં.સો. જ્ઞાતિ - ભુજ પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ જે. સોલંકી તથા કારોબારી સભ્યો આ ઉત્સવના સંગાથી બન્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા શ્રીમતી શાંતાબેન એ. બારમેડા, શ્રીમતી પિંકીબેન એન. કટ્ટા, શ્રીમતી ભગવતીબેન એચ. કટ્ટા, શ્રીમતી શારદાબેન એન. ગોહિલ, શ્રીમતી આરતીબેન જે. ગોહીલ, શ્રીમતી સુરૂચિબેન એમ. બારમેડા, કુ. રૂપાબેન એન. ગોહિલ, કુ. પૂજા એસ. બારમેડા, શ્રી શિવલાલભાઈ











એસ. મૈયા, શ્રી ભરતભાઈ સી. ગોહિલ, શ્રી ભરતભાઈ વી. બુધ્ધભટ્ટી, શ્રી પ્રકાશભાઈ એન. બારમેડા, શ્રી અનિલભાઈ એસ. બગ્ગા, શ્રી હેમેન્દ્રકુમાર ડી. કટ્ટા, શ્રી ઈશ્વરભાઈ વી. બારમેડા, શ્રી કિરણભાઈ કે. હેડાઉ, શ્રી દિનેશભાઈ આર. સક્કરીયા, શ્રી શશીકાંતભાઈ એમ. બારમેડા, શ્રી સતીશભાઈ સી. બુધ્ધભટ્ટી, શ્રી સચીનભાઈ ડી. બુધ્ધભટ્ટી, શ્રી સંદીપભાઈ આર. બુધ્ધભટ્ટી, શ્રી જયેશભાઈ એમ. છત્રાળા, શ્રી વિશાલભાઈ આર. બારમેડાએ જહેમત ઉઠાવી હતી. રાજેશભાઈ કે. વીસાપરમાર અને શ્રી જગદીશભાઈ એચ. છત્રાળા આધારબિંદુ બન્યા હતા.

## ખ્વાહીશ

*દિલને સુવાસિત કરવા તમારી ફોરમ મળે*
*ચાહવા માટે તમારા જેવા સનમ મળે*
*તમે સાથ હોય પછી ચિંતા શાની*
*પછી ભલેને દુનિયાભરના ગમ મળે.*
*જ્યારે પણ વરસાવતા નયન મળે*
*તમારા પ્રેમનો થોડોક મરહમ મળે*
*ચાંદની રાત હોય, શમણાનો બાગ હોય*
*તમને મળવા આવી સરસ મોસમ મળે*
*ખ્વાહીશ બસ એટલે જ 'કિસ્મત'ની*
*તમારો સાથ જનમોજનમ મળે.*

**કુ. વિદુલા કાંતિલાલ કટ્ટા - આદિપુર**

# પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની સમાજ

## શ્રી હીરાલાલ સોનીની પ્રમુખપદે વરણી



નખત્રાણા ખાતે પશ્ચિમ કચ્છ સોની સમાજની ત્રણ તાલુકા નખત્રાણા, લખપત અને અબડાસાની જનરલ સભા મળી હતી જેમાં નખત્રાણાના હીરાલાલ મોહનલાલ સોનીને ફરીથી પ્રમુખ તરીકે સર્વાનુમતે ચુંટી કાઢવામાં આવ્યા હતા. ઉપ પ્રમુખ તરીકે નખત્રાણાના હેમેન્દ્રભાઇ કંસારા, રવાપરના શાંતિલાલ અને વિનોદભાઇ, કોઠારાના વિઠ્ઠલદાસ તથા દયાપરના મોહનલાલ, મહામંત્રી દિનેશ જેઠાલાલ, કાર્યાલય મંત્રી શાંતિલાલ ડુંગરશી, ખજાનચી લખમશી ઈશ્વરલાલ અને મંત્રી બાબુલાલ નલીયા, રમેશભાઇ બગા-નખત્રાણા, ભાઇલાલ રવાપર, વેલજીભાઇ કોટડા (જ) તથા શિક્ષણ સમિતિના (૧) રવજીભાઇ, (૨) મોહનલાલ કોટડા (૩) ડુંગરશી રવાપર.

★ વસ્તીપત્રક સમિતિમાં (૧) પ્રફુલ કંસારા, (૨) રમણીકલાલ, (૩) જયેશ કુમાર (૪) મનસુખ દેવજી. ★ સમાધાન પંચમાં (૧) હીરાલાલ, (૨) લખમશીભાઇ, (૩) હેમેન્દ્રભાઇ, (૪) હીમતલાલ બગા, (૫) ગંગારામ, (૬) રતીલાલ, (૭) રમેશભાઇ બગા, (૮) ભોગીલાલ, (૯) રમેશભાઇ કંસારા. તથા ★ સલાહકાર સમિતિમાં (૧) જેઠાલાલ નલિયા, (૨) ભરતભાઇ બગા નખત્રાણા, (૩) હીમતલાલ નખત્રાણા, (૪) હીમતલાલ વિથોણ, (૫) રમેશભાઇ નલીયા, (૬) શંભુભાઇ, (૭) પ્રફુલભાઇ નેત્રા અને ★ કારોબારી સમિતિમાં (૧) શીવજી ભાઇ માતાનામઢ, (૨) ચુનીલાલ કોઠારા, (૩) ગોવિંદભાઇ ખોંભડી, (૪) ગોવિંદભાઇ રસલીયા, (૫) ખીમજીભાઇ મથલ, (૬) સુરેશભાઇ બગા નખત્રાણા, (૭) ચમનલાલ વિરાણી, (૮) જયરામ દેવીસર, (૯) પરષોત્તમ નવાનગર, (૧૦) શંભુભાઇ વિરાણીનો સમાવેશ થાય છે.

આ વખતે સમુહ લગ્ન નખત્રાણા તાલુકાના વિથોણ ગામે ખેતાબાપા સંકુલમાં તા. ૨૬-૧૧-૨૦૦૭ના રોજ યોજાવાનું નક્કી કરવામાં આવેલ. કન્વીનર તરીકે (૧) લખમસી ઈશ્વરદાસ, (૨) હેમેન્દ્રભાઇ કંસારા, (૩) શાન્તીલાલ રવાપર, (૪) ધનજીભાઇ કોઠારા, (૫) ગંગારામ નખત્રાણા, (૬) પી.જી. સોની ભુજ, (૭) જયરામભાઇ દેવીસર, (૮) હિંમતલાલ અને નાનાલાલ વિથોણ, (૯) ભાઇલાલ રવાપર, (૧૦) જેન્તીલાલ નલીયા, (૧૧) લવજીભાઇ નેત્રા, (૧૨) રવજીભાઇ ઘડાની, (૧૩) કિશોરભાઇ નલીયા, (૧૪) વસંતભાઇ ભુજ, (૧૫) હરીલાલ નખત્રાણા, (૧૬) છગનલાલ ઉખેડા, (૧૭) કેશવજીભાઇ નેત્રા, (૧૮) વેલજીભાઇ અને રમેશભાઇ કોટડા વિનોદભાઇ ભુજનો સમાવેશ થાય છે.

આ રીતે પશ્ચિમ કચ્છ શ્રી મારૂ કંસારા સોની સમાજની નવી કારોબારી અને વિવિધ સમિતિઓની રચના અને ચર્ચામાં હિંમતલાલ બગા, લખમશીભાઇ, હેમેન્દ્રભાઇ, ધનજીભાઇ વિગેરેએ ચર્ચામાં ભાગ લીધો હતો.

હીરાલાલ સોની પશ્ચિમ કચ્છ સોની સમાજમાં મહામંત્રી તરીકે પણ સેવા આપેલ અને ત્યારબાદ સાત વરસથી પ્રમુખ તરીકે સેવા આપી રહે છે. જેમને ફરીથી ત્રણ તાલુકાની સોની સમાજની જનરલ સભામાં સર્વાનુમતે પ્રમુખ તરીકે ચુંટી કાઢવામાં આવતાં ઉપસ્થિત તમામ પરિવાર જનોમાં આનંદની લાગણી ફરી વળી હતી.

## જીંદગી

જીંદગી : એક ખેલ.
આપણે બધા : ખેલાડીઓ
આ પૃથ્વી : રમતનું મેદાન
આપણું વર્તન : રમતના સાધનો
ભગવાન : અંપાયર
સ્વર્ગ : જીતનારને મળતી ટ્રોફી
મોત : રમતમાં આઉટ

*કુ. જીનલ પી. સોની - નાગલપુર, માંડવી (કચ્છ)*

## કચ્છ જિલ્લા કોંગ્રેસના ઉપ પ્રમુખ તરીકે શ્રી હીરાલાલ સોનીની વરણી

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકીની અનુમતિથી કચ્છ જીલ્લા કોંગ્રેસના મહામંત્રી શ્રી હીરાલાલ મોહનલાલ સોનીની કચ્છ જીલ્લા કોંગ્રેસના ઉપ પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. નખત્રાણાના શ્રી સોની ૧૯૮૩માં કોંગ્રેસમાં જોડાયા પછી તાલુકા યુવક કોંગ્રેસના પ્રમુખ તથા જીલ્લા યુવક કોંગ્રેસના મહામંત્રી તેમજ ઉપપ્રમુખ તરીકે અને કચ્છ જીલ્લા કોંગ્રેસના મહામંત્રી તરીકે સેવા આપેલ છે.

નખત્રાણાના સરપંચ તરીકે બે વખત ચૂંટાઇને સ્વચ્છ વહીવટ તથા ગામના વિવિધ વિકાસના કામો કરેલ જે આજે પણ લોકો યાદ કરે છે. પશ્ચિમ કચ્છ સોની સમાજના પ્રમુખ તરીકે તથા ઓલ ઇન્ડિયા સોની સમાજના સહમંત્રી તરીકે સેવા આપી રહેલ છે. પશ્ચિમ કચ્છ સોની સમાજના સમુહ લગ્નના પ્રણેતા છે. નખત્રાણા ઇન્ડિયન રેડક્રોસના માનદમંત્રી તથા અનેક સંસ્થાઓમાં સેવા આપેલ છે.

# ગાંધીધામમાં મારૂ કંસારા સોની જ્ઞાતિના જિલ્લાના વિદ્યાર્થીઓનું બહુમાન કરાયું

મારૂ કંસારા સોની જ્ઞાતિનો જીલ્લા કક્ષાનો સરસ્વતી સન્માન સમારંભ અખિલ કચ્છ સમસ્ત મારૂ કંસારા સોની સમાજ ઉત્કર્ષ મંડળ, ગાંધીધામના નેજા હેઠળ યોજાઇ ગયો.

પ્રમુખસ્થાને અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના પ્રમુખ પ્રભુદાસભાઇ ખેતશી સોની, જ્ઞાતિના ગોર કનકચન્દ્ર વ્યાસ, ઉત્કર્ષ મંડળના પ્રમુખ ભરતભાઇ તુલસીદાસ સોની, ભુજ જ્ઞાતિના પ્રમુખ અમૃતલાલભાઇ સોલંકી, ઝવેરીલાલભાઇ શિવજી બુદ્ધભટ્ટી, કચ્છ મિત્રના વ્યવસ્થાપક શૈલેશભાઇ કંસારા ઉપરાંત કચ્છની વિવિધ જ્ઞાતિના પ્રમુખો, કારોબારી સભ્યો, સહિયર જાગૃતિ મહિલા મંડળના પ્રમુખ ભારતીબેન ભરતભાઇ સોની, બીના સમીર કંસારા, અંજાર મહિલા મંડળના પ્રમુખ શાંતાબેન બારમેડા ઉપસ્થિત રહ્યા હતા.

જીલ્લા કક્ષાએ યોજાયેલા પ્રથમ સરસ્વતી સન્માન સમારંભમાં ધોરણ ૧૦ અને તેથી વધુ ઉચ્ચ અભ્યાસક્રમે જીલ્લા કક્ષાએ જ્ઞાતિમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિદ્યાર્થીઓનું સન્માન ઉપરાંત વિશિષ્ટ સિદ્ધિ મેળવનારા વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું.


સ્વાગત, મંત્રી પ્રકાશભાઇ જે. સોનીએ કર્યું હતું. ધો. ૧૦માં બોર્ડમાં દસમું સ્થાન મેળવનાર કુ. નેહા હસમુખભાઇ બગ્ગા, પી.ટી.સી.માં પ્રથમ વર્ષમાં જીલ્લામાં પ્રથમ કુ. જીનલ પ્રવીણભાઇ સોલંકી અને મિસ ગુજરાત વિકલાંગ સ્પર્ધામાં 'મિસ ગુજરાત'નો એવોર્ડ મેળવનાર કુ. બંસરી હીરાલાલ સોનીનું વિશિષ્ટ સન્માન ઉપરાંત ૬૫થી ૭૦ વિદ્યાર્થીઓનું ઇનામ વિતરણથી સન્માન કરાયું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત આગેવાનો પ્રભુદાસભાઇ (ભુજ), ભરતભાઇ (ગાંધીધામ), હરિલાલભાઇ-સુરેશભાઇ (અંજાર), હરેશભાઇ સુરેશ પ્રાગજી (માંડવી), વેલજી આણંદજી પરિવાર (ભુજ), હિંમતભાઇ હેમેન્દ્રભાઇ (નખત્રાણા), અમૃતલાલભાઇ (ભુજ), જયેન્દ્રભાઇ (આદિપુર), ખજાનચી વિનોદભાઇ વગેરેએ ફાળો નોંધાવ્યો હતો. જ્યારે શૈલેષભાઇએ સ્વ. ઠાકરશી પુરુષોત્તમ કંસારા (નિવૃત્ત ન્યાયાધીશ)ની યાદમાં એલએલ.બી.ના વિદ્યાર્થીઓ માટે રોકડ ઇનામની જાહેરાત કરી હતી.

વિદ્યાર્થીઓના કાર્યક્રમમાં પ્રેક્ષકોને પણ ઇનામ મળે તેવો પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ ભરતભાઇ સોનીના સૂચનથી યોજાયો હતો. બીજા વિભાગમાં મહામંડળ આયોજીત યુવક-યુવતી પરિચય પુસ્તિકા તથા પરિચય મેળાના ફોર્મનું અનાવરણ કરાયું હતું.

સંચાલન પ્રકાશભાઇ સોની તથા સમીર કંસારાએ કર્યું હતું જયેન્દ્ર કોટડિયા, પ્રફુલ્લભાઇ સોની, વિનોદભાઇ સોની, મહેશભાઇ મૈયા વગેરેએ સહયોગ આપ્યો હતો. આભારવિધિ કાંતિભાઇ કટ્ટાએ કરી હતી.

# કચ્છના ઇતિહાસવિદ્, સર્જક અને લોકગાયક પ્રાણગિરિ પી. ગોસ્વામીનું અવસાન



કચ્છના ઇતિહાસવિદ્, લોકગાયક અને સર્જક પ્રાણગિરિ પી. ગોસ્વામીનું તા. ૩-૧૧-૦૭ના રોજ અવસાન થતાં તેમના વર્તુળમાં શોક ફેલાયો હતો. તેઓ ૮૦ વર્ષના હતા.

આજીવન શિક્ષક એવા સ્વ. પ્રાણગિરિભાઈ ભુજ દશનામ ગોસ્વામી સમાજના પ્રથમ પ્રમુખ હતા. ઉપરાંત શિક્ષક સમાજ અને કચ્છ ઇતિહાસ પરિષદના પ્રમુખપદે સેવા આપી ચૂક્યા હતા. તેમનું ઇતિહાસક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન રહ્યું હતું. તેમણે લખેલા આઠ પુસ્તકોમાં કચ્છના યાત્રાધામો, કચ્છના લોકમેળાઓ, કચ્છના જૈન તીર્થધામો, દાદા મેકરણના ભજનોનું સંપાદન, ધન્ય ધરા ખોંભડી, આશાપુરા ગરબાવલી, આઈશ્રી આશાપુરાનો ટુંક ઇતિહાસ અને કચ્છની 'પાર પરંપરા'નો સમાવેશ થાય છે. તેમનું પાર પરંપરાનું સંશોધન છેવટ સુધી ચાલુ રહ્યું હતું. તેમણે જૂની અને નવી રંગભૂમિના અનેક પાત્રો ભજવ્યા હતા.

તેઓ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ ઇતિહાસ પરિષદના પાયાના પથ્થર હતા. ૧૯૭૩માં કચ્છ ખાતે ગુજરાત પરિષદનું અધિવેશન યોજાયું હતું ત્યારે રાજયના ઇતિહાસકારોને તેમણે 'કચ્છદર્શન' કરાવ્યું હતું.

દરમ્યાન તેમને કચ્છ ઇતિહાસ પરિષદના પ્રમુખ સાવજસિંહ જાડેજા, શંભુભાઈ જોષી, ઉમિયાશંકર અજાણી, સુરેશ બજાણી, પીઢ પત્રકાર શિવકુમાર આચાર્ય તેમજ નરેશ અંતાણીએ અંજલિ આપી હતી.

*શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ તથા સમગ્ર સેતુ પરિવાર સ્વ. પ્રાણગિરિભાઈ ગોસ્વામીનાં જ્ઞાતિ સમાજ અને સેતુને અમૂલ્ય યોગદાનની નોંધ લે છે. પ્રભુ સદ્‌ગતના આત્માને ચિર શાંતિ બક્ષે એ જ પ્રાર્થના.*

| | | |
|---|---|---|
| **અતુલ સોની** | **હંસરાજ કંસારા** | **મનુભાઈ કોટડીયા** |
| માનદ્ મંત્રી | મુખ્યતંત્રી 'સેતુ' | પ્રમુખ |

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ ભુજ

• રોહિણી ભરત બુધ્ધભટ્ટી •

## વિવિધ પ્રવૃત્તિઓ

### પ્રશ્નોત્તરી

ગત માસ જુલાઇ ૦૭માં તા. ૧૫-૭-૦૭ અષાઢી બીજની પૂર્વ સંધ્યાએ પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જ્ઞાતિના સર્વે લોકોએ ખુબજ ઉમળકાભેર ભાગ લીધો હતો. જેના અધ્યક્ષસ્થાને અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઇ સોની તેમજ અતિથિ વિશેષ તરીકે શ્રી શૈલેષભાઇ કંસારા (મેનેજર કચ્છમિત્ર) તથા ગં.સ્વ. જમનાબેન માવજી બુધ્ધભટ્ટી રહ્યા હતા. ખાસ આમંત્રિતો માં જ્ઞાતિપ્રમુખ શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી, યુવક મંડળના પ્રમુખ શ્રી અનિલભાઇ છત્રાળા, ચન્દ્રકાન્તભાઇ ચનાણી તેમજ ખાસ આમંત્રણને માન આપીને અંજાર જ્ઞાતિ મહિલા મંડળના પ્રમુખ શાંતાબેન પોમલ, એકતા કટ્ટા, ગાંધીધામ ઉત્કર્ષ મંડળના વિનોદભાઇ સાકરિયા તથા સમીરભાઇ કંસારા હાજર રહ્યા હતા. સર્વે મહેમાનોનું સ્વાગત મહિલા કારોબારીના સભ્યોએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતિ રોહિણી ભરત બુધ્ધભટ્ટીએ કર્યું હતું. મહેમાનોએ સ્વાગતના પ્રત્યુત્તરમાં મહિલા મંડળ ઉત્તરોત્તર પ્રગિત સાધે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમની રૂપરેખા સુધાબેન બુધ્ધભટ્ટી તથા લતાબેન સોલંકીએ વર્ણવી હતી. શ્રી મુળજીભાઇ કટ્ટાએ પ્રશ્નો પૂછીને જ્ઞાતિજનોના જ્ઞાનની કસોટી કરી હતી. વિજેતાઓને ઇનામો આપવામાં આવ્યા હતા. સૌથી વધુ સાચા જવાબો આપનારમાં કુ. ડોલી બુધ્ધભટ્ટી, અર્જુન સોની તેમજ સમીર કંસારાને વિશેષ ઇનામો આપવામાં આવ્યા હતા. સાઉન્ડ સિસ્ટમ શ્રી પ્રદિપભાઇ ચનાણી તરફથી પૂરી પાડવામાં આવી હતી. આર્થિક સહયોગ શ્રી પ્રભુદાસભાઇ ખેતશી સોની, જમનાબેન બુધ્ધભટ્ટી, વિનોદભાઇ સાકરીયા તરફથી સાંપડ્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષા લતાબેન સોલંકીએ આભારવિધિ સાથે કાર્યક્રમ પૂર્ણ જાહેર કર્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં મહિલા કારોબારીની બહેનો અરૂણાબેન બુધ્ધભટ્ટી, શીતલબેન બુધ્ધભટ્ટી, ભાવનાબેન બુધ્ધભટ્ટી, જયશ્રીબેન બુધ્ધભટ્ટી, સુધાબેન બુધ્ધભટ્ટી, જયશ્રીબેન છત્રાળા તેમજ રોહિણી બુધ્ધભટ્ટીએ જહેમત ઉઠાવી હતી.

આગામી કાર્યક્રમો જેવા કે વક્તૃત્વ સ્પર્ધા, રમતગમત, ચિત્ર સ્પર્ધા (બાળકો માટે) તેમજ બહેનો માટે વાનગી સ્પર્ધા, આરતી, શણગાર, મહેંદી સ્પર્ધા વગેરેનું મહિલા મંડળ તરફથી આયોજન કરવામાં આવશે. આગામી નવરાત્રીનું આયોજન પણ મહિલા મંડળ તરફથી કરવામાં આવશે. હાલમાં શ્રાવણ માસ નિમિત્તે દર સોમવારે શિવ મહિમાના પાઠ શ્રી કાલીકા મંદિરના પ્રાંગણમાં મહિલા મંડળ દ્વારા સમસ્ત જ્ઞાતિ મહિલાઓ માટે કરવામાં આવેલ છે. જેમાં જ્ઞાતિની મહિલાઓ બહોળી સંખ્યામાં હાજર રહે છે.

### મહિલા સત્સગ મંડળ

હાલમાં જ મહિલા સત્સંગ મંડળની પણ સ્થાપના કરવામાં આવી છે. જેમાં મહિનાની દર અગિયારસે જ્ઞાતિના અલગ અલગ કુટુંબોના આમંત્રણથી તેમને ઘેર ભજનનો કાર્યક્રમ રાખવામાં આવે છે. આ મંડળમાં ૫૦ થી પણ વધુ બહેનોએ સભ્ય તરીકે નામ નોંધાવેલ છે. આમ અમારું મહિલા મંડળ ધર્મ સત્સંગ જેવી પ્રવૃત્તિઓમાં પણ રસપૂર્વક ભાગ લે છે.

### બાળકો માટે રમત-ગમત સ્પર્ધા

ગત તા. ૨૮-૭-૦૭ના રોજ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ ભુજ તરફથી જ્ઞાતિના બાળકો માટે રમત-ગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એ, બી, સી એમ ત્રણ વિભાગ ઉંમર પ્રમાણે રાખવામાં આવ્યા હતા. જેના વિજેતાઓના નામ નીચે મુજબ છે.

- **વિભાગ-એ**
  ***મ્યુઝીકલ ચેર :*** (૧) જીત ભાવેશભાઇ બુધ્ધભટ્ટી, (૨) ઓમ ભરતભાઇ બુધ્ધભટ્ટી
  ***લીંબુ ચમચો :*** (૧) ધ્રુવ અનિલભાઇ છત્રાળા, (૨) વિશ્વા મહેશભાઇ છત્રાળા
- **વિભાગ-બી**
  ***મ્યુઝીકલ ચેર :*** (૧) યશ ધનસુખભાઇ બુધ્ધભટ્ટી, (૨) વિધી વસંતભાઇ છત્રાળા
  ***લીંબુ ચમચો :*** (૧) વિધી વસંતભાઇ છત્રાળા
  ***કોથળા દોડ :*** (૧) વિનીતા નરેશભાઇ ગુજરાતી, (૨) રિમા મદનભાઇ સાકરિયા
- **વિભાગ-સી**
  ***મ્યુઝીકલ ચેર :*** (૧) હર્ષલ જગદીશભાઇ બુધ્ધભટ્ટી,

(૨) પ્રિયંકા શરદભાઇ પોમલ

*કોથળા દોડ :* (૧) ઉત્સવ અરૂણભાઇ બુધ્ધભટ્ટી (૨) પ્રીન્સ પ્રવિણભાઇ બુધ્ધભટ્ટી

મહિલા વિભાગ માટેની મ્યુઝીકલ ચેરના વિજેતા :-

(૧) કિમબેન જયભાઇ છત્રાળા, (૨) પૂનમબેન મયૂરભાઇ બુધ્ધભટ્ટી

ઉપરોક્ત કાર્યક્રમ, મા કાલીકા માતાજીના મંદિરની બાજુના પ્લોટમા રાખવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી રોહિણી ભરત બુધ્ધભટ્ટીએ કર્યું હતું તથા મહિલા મંડળના હોદ્દેદારો તથા સભ્યો અરૂણાબેન બુધ્ધભટ્ટી, ભાવનાબેન બુધ્ધભટ્ટી, શીતલબેન બુધ્ધભટ્ટી, જયેષ્ઠાબેન, પ્રેમીલાબેન બુધ્ધભટ્ટી, લતાબેન સોલંકી, પ્રીતીબેન બગા વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવામાં મદદ કરી હતી. જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલભાઇ સોલંકીએ સ્પર્ધાને સ્ટાર્ટ આપ્યો હતો. આભારવિધિ પ્રમુખ શ્રી મહિલા મંડળ લતાબેન આઇ. સોલંકીએ કરી હતી. આ કાર્યક્રમમાં જ્ઞાતિની મહિલાઓએ પણ બહોળી સંખ્યામાં પોતાના સંતાનો સાથે હાજરી આપી હતી. દરેક વિજેતાઓને મહિલા મંડળના હોદ્દેદારોને હાથે ઈનામો આપવામાં આવ્યા હતા.

## વાનગી સ્પર્ધા

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા તા. ૨૭ના રોજ ''સ્વીટ એન્ડ નમકીન્સ'' વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં જ્ઞાતિની બહેનોએ હોંશભેર ભાગ લીધેલ.

''સ્વીટ'' વિભાગમાં પ્રથમ શ્રીમતી અરૂણાબેન એન. બુધ્ધભટ્ટી તેમજ દ્વિતીય હેતલ એચ. સોલંકી તેમજ ''નમકીન્સ'' વિભાગમાં પ્રથમ જાગૃતિ એન. બુધ્ધભટ્ટી તેમજ ખ્યાતિ જે બુધ્ધભટ્ટી વિજેતા થયેલ. શીતલ એ. બુધ્ધભટ્ટી તેમજ પ્રજ્ઞાબેન આર. બુધ્ધભટ્ટીને આશ્વાસન ઈનામોની જાહેરાત જયશ્રીબેન છત્રાળા તેમજ સુધા બુધ્ધભટ્ટી તરફથી કરવામાં આવેલ.

વિજેતાઓને શ્રીમતી લતાબેન સોલંકીના હસ્તે ઈનામો આપવામાં આવેલ. નિર્ણાયક તરીકે સુધા એ. બુધ્ધભટ્ટી તેમજ જયશ્રીબેન છત્રાળાએ સેવાઓ આપેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા ભાવનાબેન વી. બુધ્ધભટ્ટી, રોહિણીબેન બુધ્ધભટ્ટી, જયશ્રીબેન બુધ્ધભટ્ટી, જુલી આર. સોલંકીએ સહયોગ આપ્યો હતો. જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલ સોલંકી, નીતિનભાઈ હેડાઉ, મંત્રીશ્રી દિલીપભાઈ બગ્ગાએ આ પ્રવૃત્તિને બિરદાવી હતી.

***સુધાબેન એ. બુધ્ધભટ્ટી***

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજના હોદ્દેદારો



**લતાબેન આઇ. સોલંકી**
**પ્રમુખ**



**બીનાબેન કંસારા**
**ઉપપ્રમુખ**



**રોહિણીબેન બુધ્ધભટ્ટી**
**મંત્રી**



**જયશ્રીબેન છત્રાળા**
**સહમંત્રી**



**અરૂણાબેન બુધ્ધભટ્ટી**
**ખજાનચી**

## દેવીઓના વાહનો

| | | |
|---|---|---|
| ૧. સરસ્વતી | - | મોર |
| ૨. લક્ષ્મી | - | ઘુવડ |
| ૩. શિકોતર | - | વહાણ |
| ૪. મેલડી | - | બકરો |
| ૫. શીતળા | - | ગધેડો |
| ૬. વિહોત | - | વરૂ |
| ૭. બગલામુખી | - | બગલો |
| ૮. ઔન્દ્રી | - | ઐરાવત |
| ૯. કાલીકા | - | પાડો |
| ૧૦. ચામુંડા | - | સિંહ |
| ૧૧. હડકસા | - | કૂતરો |
| ૧૨. અંબાજી | - | વાઘ |
| ૧૩. ખોડીયાર | - | મગર |
| ૧૪. ગેલ | - | ઘેટો |
| ૧૫. પાર્વતી | - | નંદી |
| ૧૬. બહુચર | - | કૂકડો |
| ૧૭. ભવાની | - | મગર |
| ૧૮. આદ્યશક્તિ | - | હંસ |
| ૧૯. વાઘેશ્વરી | - | વાઘ |
| ૨૦. મહેશ્વરી | - | આખલો |
| ૨૧. કમળા | - | કમળ |
| ૨૨. મુમૈય | - | ઊંટ |
| ૨૩. રાંગળી | - | કાચબો |

***સૌજન્ય : "સ્ત્રી" નવરાત્રી વિશેષાંક, સંકલન : મીનાક્ષી માંકડ***

# યુવા પરિચય મેળો – એક મહોત્સવ

• રોહિણી ભરત બુધ્ધભટ્ટી •

તા. ૨૬-૮-૦૭ ના રોજ શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળની એક બેઠક પ્રમુખ શ્રી પ્રભુદાસભાઇ ખેતશી સોનીના વડપણ હેઠળ યોજાઇ ગઇ. જેના કન્વીનર શ્રી હરીલાલભાઇ લખમશી વીસા પરમાર-અંજારવાળાએ આ અંગેની કાર્યવાહી શરૂ કરતાં જ્ઞાતિના યુવક-યુવતિઓ માટે પરિચય મેળો યોજવો કે કેમ અને તે માટે કેવી રીતે કાર્યવાહી કરવી તેનો ખ્યાલ પણ આપ્યો હતો. જેમાં દરેક ઘટકોમાંથી પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. અમારૂં ભુજ મહિલા મંડળ પણ એમાં પાછળ કેમ રહે? ત્યારે સુધાબેન એ. બુધ્ધભટ્ટી, અરૂણાબેન એન. બુધ્ધભટ્ટી અને હું પોતે રોહિણી ભરત બુધ્ધભટ્ટી એમ ત્રણેય હાજર રહ્યા હતા. મારા મત પ્રમાણે તો આ પરિચય મેળો જ્ઞાતિના દરેકે દરેક યુવક-યુવતિઓ માટે ખુબજ ઉપયોગી થઇ પડશે. કારણકે યોગ્ય પાત્રની પસંદગી માટે મા બાપો-વડીલોને ઓછી મહેનતે સારા પાત્રો પોતાના સંતાનો માટે ઘર-આંગણે મળી રહેશે તેવું બનશે. હવે વાત રહી કાર્યકર્તાઓની. તો દરેક ગામના યુવક મંડળ, મહિલા મંડળોએ એકબીજા સાથે કો-ઓર્ડિનેટ કરીને કાર્ય કરવું પડશે. કદાચ જુનવાણી વિચારસરણી ધરાવતા પરિવારોમાં આમ કરવું શક્ય ન પણ હોય તો એ માટે કાર્યકર્તાઓએ તેમને સમજાવવા પડશે કદાચ 'શું અમારા છોકરાવના માંગા નથી આવતા? તે અમારે આવું કરવું પડે?' આવા અપમાનજનક શબ્દો પણ સાંભળવાની તૈયારી રાખવી પડે. પરંતુ આવું બધું તો ચાલ્યા કરે. એમ સમજીને આગળ વધી જવું પડે.

આજે જ્યારે જ્ઞાતિના દિકરા-દિકરીઓ ભણી ગણીને સારી જગ્યાઓ પર જોબ કરીને પોતાનો જીવન-નિર્વાહ ચલાવતા થયા છે અને પગભર થયા છે તો તેમને જીવનસાથી પણ તેમને યોગ્ય સમજી શકે તેવો મળવો જરૂરી છે. આજે એક એવી માન્યતા પણ છે કે વધુ ભણેલી છોકરી છે માટે આપણને કામ નહીં આવે એવું સમજવા કરતાં તેનો પરિચય કેળવીને તેના જ મોઢે તેના વિચારો શા માટે ન સાંભળવા? આવી જ રીતે યુવક પણ ભણી ગણીને સારી જગ્યાએ જ્યારે મહિને ૫૦ હજારથી વધુ કમાતો થાય તો તેની અપેક્ષાને પૂર્ણ કરવા માટે પણ જ્ઞાતિમાંથી જ કન્યા મળી જાય, જો તે પરિચય મેળામાં ભાગ લે તો.

દૂર દેશાવરથી એક જ મંચ પર બધા ભેગા થઇ અને પસંદગીને અવકાશ આપવો એજ આ પરિચય મેળાનો ઉદ્દેશ્ય હોય. આમાં આમ તો દર વર્ષ યોજાતા સમૂહ લગ્નો પણ આ ઉદ્દેશ્ય પાર પાડવામાં મદદરૂપ થતા હોય છે. સમૂહલગ્ન પછી ૫૦% જેવા સગપણ બે-ત્રણ અઠવાડિયામાં કે દિવસોમાં નક્કી થઇ જ જતા હોય છે. છતાં પણ તેની અમુક મર્યાદાઓને બાદ કરતાં પરિચય મેળો સંપૂર્ણ રીતે ઉપયોગી થઇ પડશે.

આમ પરિચય મેળાને કારણે મા બાપ કે વડીલોની ચિંતા-તકલીફોને દૂર કરી તેમના સંતાનો માટે યોગ્યપાત્ર પૂરા પાડવાની નેમ સાથે આ સમિતિના કાર્યકરોએ કામ શરૂ કરી દીધું છું. જેને ખૂબજ સારો પ્રતિભાવ પણ મળી રહ્યો છે. આજે આ શરૂઆત છે. કાલે બીજમાંથી વટવૃક્ષ બનતાં વાર નહીં લાગે. હંમેશાં શરૂઆત સારી થાય તો અડધી લડાઇ જીતી ગયા બરાબર ગણાય. હાલમાં આ પરિચય મેળાની તૈયારીમાં ભુજનું કહું તો મહિલા મંડળ-ભુજ, અંજાર, માધાપર, માનકુવા, નખત્રાણા વગેરે સાથે મળી બેઠકો યોજીને કાર્ય આગળ ધપાવી રહ્યાં છે. બસ પરિચય મેળો સફળ રહે એવી શુભેચ્છાઓ સાથે વિરમું છું. આશા છે મારા મંતવ્યો સૌ વાંચકોને યોગ્ય લાગશે.

## સેતુ પરિવારમાં જોડાયેલા નવા સભ્યોની યાદી

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | કંસારા કમલેશ મીઠુભાઈ | અંજાર | ૧૩. | સોની જીતેન્દ્ર પુરૂષોત્તમદાસ | ડેમાઈ |
| ૨. | બારમેડા કાર્તિક નવીનચંદ્ર | અંજાર | ૧૪. | સોની ભાઈલાલ જીવરામભાઈ | ધનસુરા |
| ૩. | અશ્વિનગર ઝવેરગર ગુંસાઈ | અંજાર | ૧૫. | સોની વાડીલાલ જીવરામભાઈ | ધનસુરા |
| ૪. | અનિલ કેશવલાલ છત્રાળા | ભુજ | ૧૬. | સોની શંકરલાલ મગનલાલ | ડુંગરપુર |
| ૫. | બીમલકુમાર એમ. બીજલાની | ભુજ | ૧૭. | બિપીન કે. કંસારા | ગઢખલ |
| ૬. | ધનસુખભાઈ કોટડીયા | ભુજ | ૧૮. | અમિતા પ્રાણલાલ સોલંકી | ઘાટકોપર |
| ૭. | કિશોરભાઈ સોની | ભુજ | ૧૯. | બાબુભાઈ એન. સોની | ઘાટકોપર |
| ૮. | મોતીલાલ દેવકરણ બુધ્ધભટ્ટી | ભુજ | ૨૦. | પ્રેમીલાબેન રામજીભાઈ પોમલ | માધાપર |
| ૯. | સોની હરીલાલ ભગવાનજી | ભુજ | ૨૧. | રાજન પ્રેમજીભાઈ બુધ્ધભટ્ટી | માધાપર |
| ૧૦. | સોની મુકેશ ધનજીભાઈ | ભુજ | ૨૨. | સોની ગોરધનદાસ છગનલાલ | માધાપર |
| ૧૧. | સોની પ્રીતિબેન દિલીપભાઈ | ભુજ | ૨૩. | સોની અશ્વિન પ્રેમજીભાઈ | મોડાસા |
| ૧૨. | સોની વિજય માવજીભાઈ | ભુજ | ૨૪. | પીનાક એ. હાલાઈ | નાગપુર |

# ભાવતાં ભોજન

• સુધા એ. બુધ્ધભટ્ટી - ભુજ •

## વેલકમ ડ્રીંક્સ એપેટાઇઝર્સ

સામાન્ય રીતે આવા પીણા અને એપેટાઇઝર્સ અન્ય પ્રસંગોએ આપી શકાય પરંતુ આ પીણા પાર્ટી અને સત્કાર માટે વધારે વપરાય છે. બુફે અથવા કોકટેલ પાર્ટીની શરૂઆતમાં આ અતિ ઉપયોગી છે. ફ્રુટ જ્યુસ તથા એરેટેડ ડ્રીંક્સ આવનાર મહેમાનોને આનંદિત કરે છે.

એપેટાઇઝર્સ કે જે નામ પ્રમાણે ચટપટા અને નમકીન હોય છે તેને પીણાઓ સાથે ખાવામાં મઝા આવે છે અને ક્યારેક તે પીણાની સાથે જ આપવામાં આવે. નામ સાંભળતા જ આવી આઇટમો ભૂખને ઉત્તેજીત કરે છે. એટલે જ એપેટાઇઝર્સ દેખાવમાં સુંદર અને સ્વાદમાં ચટપટા હોવા જોઇએ અને સાથે એ પણ ખ્યાલ રાખવાનું હોય છે કે તે નાના અને સહેલાઇથી ખાઇ શકાય તેવા હોવા જોઇએ. એપેટાઇઝર્સ એવા બનાવવા કે જે આસાનીથી અને ભોજન પહેલા બનાવી શકાય. કેવા એપેટાઇઝર્સ લોકોને સર્વ કરવા તે વ્યક્તિની બુધ્ધિનો પ્રશ્ન છે. તે આપણી કલ્પના શક્તિ પર પણ આધાર રાખે છે. ક્યારેક તૈયાર એપેટાઇઝર્સ અથવા કેનેપ્સ પણ પીરસી શકાય. શ્રીમંત વર્ગ ડ્રાયફ્રુટને સજાવીને સર્વ કરી શકે છે. તો ચાલો, આપણે પણ આવા વેલકમ ડ્રીંક્સ તેમજ એપેટાઇઝર્સની પ્રખ્યાત આઇટમો જોઇયે.

## કોકટેલ

(૫ ગ્લાસ)

***સામગ્રી :*** ૧ મિડીયમ સાઇઝનું પાઇનેપલ, ૨૦૦ ગ્રામ બ્લેક ગ્રેપ્સ, સંચળ, શેકેલું જીરૂ પાવડર, મરી પાવડર, ખાંડ, પાણી

***બનાવવાની રીત :-*** પાઇનેપલના ટુકડા કરી મિક્સરમાં પાણી નાખી ક્રશ કરવું. બ્લેક ગ્રેપ્સને ક્રશ કરવી. તેમને ગાળવું નહીં પરંતુ ડાયરેક્ટ તેમાં ખાંડ, સંચળ, મરી જીરૂ નાખી ખૂબ હલાવવું. ત્યારબાદ પાઇનેપલ જ્યુસ તેમજ ગ્રેપ્સ જ્યુસ મીક્સ કરી થોડા બરફના ટુકડા નાખી હેન્ડ મીક્સરથી મિક્સ કરી ઠંડુ સર્વ કરવું.

## ઠંડાઇ

*(૫ વ્યક્તિ માટે)*

***સામગ્રી :-*** ૮ કપ દુધ, ૪ ટે. સ્પુન પીસેલી સાકર, ૧૫૦ ગ્રામ ક્રીમ, ૧ કપ ઠંડાઇ પેસ્ટ, ૪ થી ૫ બદામ પીસ્તાની કાતરી

***ઠંડાઇ પેસ્ટ બનાવવાની રીત :-*** ૧૨ નંગ બદામ, ૪ ટે. સ્પુન વરીયાળી, ૬ થી ૭ નંગ મરી, ૧ ટે. સ્પુન ખસખસ, ૧ ટી. સ્પુન સુંઠ, ૪ ટીપા રોઝ એસેન્સ, ૪ નંગ એલચી, ૧/૨ કપ દુધ.

થોડા પાણીમાં વરીયાળી પલાળવી. દુધ ગરમ કરી તેમાં બદામ તથા ખસખસ પલાળવી. ૨ કલાક બાદ આ ત્રણેય વસ્તુને સાથે પીસી તેમાં ગુલાબનું એસેન્સ, મરી, સુંઠ, એલચી નાખી ફરી પીસવું. ત્યારબાદ મોટા બાઉલમાં બધી પીસેલી સામગ્રી નાંખી તેમાં દુધ, ક્રીમ, સાકર (ખાંડ) નાંખી ચર્ન કરવું. ૩ કલાક ફ્રીજમાં ખુબ ઠંડુ કરવું (અહીં બરફનો ઉપયોગ કરવો નહીં) દરેક ગ્લાસમાં ઠંડાઇ ભરી ઉપરથી બદામ પીસ્તાની કાતરી નાખી સર્વ કરવું.

## સનસેટ સિપ

*(૪ ગ્લાસ)*

***સામગ્રી :-*** ૧ કપ રોઝ સીરપ, ૪ કપ (ઘટ્ટ) થીક પાઇપનેલ જ્યુશ, ૪ ઠંડી સોડા બોટલ, ૧ કપ આઇસ ક્યુબ્સ.

***બનાવવાની રીત :-*** પારદર્શક કાચના લાંબા ગ્લાસમાં પહેલા રોઝ સીરપ રેડવું. પછી થોડા આઇસ ક્યુબ્સ નાખવા. તેના પર ઘટ્ટ પાઇપનેલ જ્યુશ રેડવો. ત્યારબાદ તેના પર સોડા રેડી તરત જ સર્વ કરવું. હલાવવું નહીં.

સૂર્યાસ્ત સમયે આકાશમાં જેવો કલર લાગે તેવો કલર થશે. સાથે સ્પૂન આપવી. જેથી પછીથી મિક્સ કરી શકાય.

## સમર સિપ

*(૪ ગ્લાસ)*

***સામગ્રી :-*** ૩ કપ શક્કરટેટીના ટુકડા, ૩ નંગ સંતરાનો જ્યુશ, ૩ કપ નાળિયેર પાણી, ૩ ટી. સ્પુન ખાંડ, ૧/૨ ટી. સ્પુન સંચળ આઇસ જરૂર પ્રમાણે

***બનાવવાની રીત :-*** શક્કરટેટીના ટુકડા, સંતરાનો જ્યુસ, નાળિયેર પાણી ખાંડ સંચળને બ્લેન્ડ કરી, ગાળી આઇસ ક્યુબ નાખી સર્વ કરો આ આઇટમ ઉનાળાની ઋતુમાં સ્વાસ્થ્ય માટે ખુબ જ સારૂ છે.

## ગ્રિમ્કા

***સામગ્રી :-*** ૧ બોટલ લીમ્કા, (ઠંડી કરવી) ૧ ફ્રૂટી,

૪ કપ બ્લેક ગ્રેપ્સ, ૬ ટી. સ્પુન પીસેલી સાકર.

*બનાવવાની રીત :-* ફ્રૂટીને પહેલેથી આઇસ ટ્રેમાં મુકી બરફના ચોસલા બનાવો. બ્લેક ગ્રેપ્સ, સાકર, ૧ કપ પાણી નાખી મિક્સરમાં ક્રશ કરી ગાળી લેવું. ફ્રીજમાં ઠંડુ કરવું. ગ્લાસમાં પહેલા બ્લેક ગ્રેપ્સનો જ્યુસ રેડવો. ત્યારબાદ ૩ થી ૪ ફ્રૂટી ક્યુબ નાખો. ઉપરથી લીમ્કા રેડીને તરત જ સર્વ કરવું.

## એપેટાઇટઝર્સ વીથ કેનેપ

કેનેપ નાનકડી સુંદર અને સ્વાદિષ્ટ એપેટાઇઝર હોય છે જેને આંગળીઓથી ઊંચકી થોડીવારમાં ખાઇ શકાય છે. મોટે ભાગે કેનેપ બ્રેડ અથવા ખારા કેકરના બનેલા હોય છે જેના પર યોગ્ય સજાવટ સાથે સ્વાદિષ્ટ માખણ અથવા કોઇ સ્પ્રેડ લગાડવામાં આવે છે. જો કે હાલ કેનેપ તૈયાર પણ મળે છે. જો ખારા કેકર અથવા ખારા બિસ્કીટ જેમ કે મોનેકો વાપરવા હોય તો થોડુ પીગાળેલુ માખણ લગાડી ઓવનમાં આછા રંગના શેકીને વાપરી શકાય. બ્રેડ વાપરવાથી વિભિન્ન આકાર અને ડિઝાઇન બનાવી શકાય. પહેલા બ્રેડની સ્લાઇસો કાપી ત્યારબાદ બિસ્કીટ કટરની મદદથી મનગમતા આકાર આપી શેકીને તેના પર મિશ્રણ લગાવી શકાય છે. આકાર, રંગ અને સજાવટને ધ્યાનમાં રાખી ઘણા કાલ્પનીક સંમીશ્રણો બનાવી શકાય. દા.ત.

## ચીઝ સ્પ્રેડ

૧ કપ ખમણેલા પ્રોસેસ્ડ ચીઝને ૧ કપ નરમ કરેલા માખણ સાથે મેળવવું. સ્વાદ મુજબ મીઠું, મરી અને સહેજ ટમેટા સોસ નાખી સ્પ્રેડ કરવું.

## ડ્રાય ફ્રુટ સ્પ્રેડ

૧ કપ નરમ કરેલા માખણ સાથે ડ્રાયફ્રુટ (કાજુ બદામ પીસ્તા અધકચરા પીસવા) નાખી તે પણ સ્પ્રેડ કરી શકાય.

## ચીલી ચીઝ સ્પ્રેડ

ખમણેલુ ચીઝ અને ચીલીસોસ સ્વાદ મુજબ બરાબર મીક્સ કરવા. જરૂર પડે તો નરમ કરેલુ માખણ નાખી તે પણ સ્પ્રેડ કરી શકાય.

## ચટપટા ફીંગર્સ (૨૫ નંગ)

*સામગ્રી :-* ૧ કપ મગની મોગર દાળ, ૧ કપ ચણાનો લોટ, ૧/૨ કપ બારીક સમારેલા ગાજર, ૧/૨ કપ અધકચરા કરેલા લીલા વટાણા, ૧ કાચો બટેટો (ખમણેલુ) ૪ ટી. સ્પુન આદુ મરચા (પીસેલા), ૧/૨ કપ કોથમીર, ૧/૪ ટી. સ્પુન બેકીંગ પાવડર અથવા સોડા, ૧ ટે. સ્પુન લાલ મરચુ, ચાટ મસાલો, હીંગ, નમક, તેલ

*બનાવવાની રીત :-* મગની દાળને ચાર કલાક પાણીમાં પલાળી બારીક પીસી લેવી. તેને ઢોકળાના ખીરા જેવી જાડી રાખવી. ત્યારબાદ તેમાં બટેટાનું ખમણ, ગાજર, વટાણા, હીંગ, નમક, આદુ મરચા ચણાનો લોટ અને સોડા મીક્સ કરી લો. ત્યારબાદ તેલ લગાવેલી થાળીમાં પાથરી ઢોકળાની જેમ જ સ્ટીમ કરી લો.

સ્ટીમ કર્યા બાદ તેની લાંબી ૪ ઇંચ અને પહોળા ૧/૨ થી ૧ ઇંચ પટ્ટીઓ કાપી ૧ કલાક ઠરવા દો. ત્યારબાદ ગરમ તેલમાં ગોલ્ડન, કડક થાય ત્યાં સુધી તળવું. તળાયા બાદ દરેક ફીંગર્સ પર મરચુ, ચાટ મસાલો છાંટી દેવા. તેમને સોસ કે ચટની સાથે સ્ટાર્ટર તરીકે સર્વ કરવું.

## પનીર પાપડી (૨૫ નંગ)

*સામગ્રી :-* ૨૫૦ ગ્રામ પનીર, ૪ ટે. સ્પુન લસણની લાલ ચટણી અથવા લીલી ચટણી, ૧ કપ મેંદો, ૧ કપ પાણી, ૪ નંગ મગના પાપડ, નમક તળવા માટે તેલ.

*બનાવવાની રીત :-* પનીર ના ૧" / ૧"ના પાતળા ચોરસ ટુકડા કરો. મેંદામાં પાણી અને મીઠુ નાખી તેની ઘટ્ટ પેસ્ટ બનાવવો. પાપડનો ચુરો કરી સાઇડમાં રાખવું.

પનીરના એક પીસ પર થોડી લસણની ચટણી પાથરી તેના પર બીજો પનીરનો પીસ મૂકવો. ત્યારબાદ તેમને મેંદાની પેસ્ટમાં બોળી પાપડના ચુરામાં રગદોળી ગરમ તેલમાં ગોલ્ડન તળી લો. દરેક પીસમાં ટુથપીક ભરાવી ગરમા ગરમ સર્વ કરો.

## વેજ ટીક્કા (૨૫ નંગ)

*સામગ્રી :-* ૨ કપ ડુંગળીના ચોરસ ટુકડા, ૨ કેપ્સીકમના ચોરસ ટુકડા, ૧ કપ મેંદો, ૨ ટે. સ્પુન રેડ ચીલી સોસ, ૨ ટી. સ્પુન ચાટ મસાલો, નમક, પ્રમાણસર પાણી, તળવા માટે તેલ ટુથપીક, ૨ બીટના ચોરસ ટુકડા, ૨૦૦ ગ્રામ પનીરના ચોરસ ટુકડા.

*બનાવવાની રીત :-* ટુથપીકમાં વારાફરથી પનીર ડુંગળી, બીટ, કેપ્સીકમ ભરાવો. હવે મેંદામાં ચીલીસોસ, નમક અને પ્રમાણસર પાણી નાખી તેની ઘટ્ટ પેસ્ટ બનાવો. તેમાં ભરેલી ટુથપીક બોળી ગરમ તેલમાં તળો. ત્યારબાદ તેના પર ચાટ મસાલો છાંટી. સોસ, સૂપ કે વેલકમ ડ્રિન્ક સાથે સર્વ કરો.

**ભોજન**

*પૌષ્ટીક, સાત્વિક, સ્વચ્છ, દષ્ટિગમ્ય તેમજ રૂચિકર હોવો જોઈએ. સાથે અનુકુળ વાતાવરણ પણ આવશ્યક છે.*

# સ્વાદિષ્ટ વાનગીઓ

• કુ. વિદુલા કાંતિલાલ કટ્ટા - આદિપુર •

## બાદશાહી પુલાવ

***સામગ્રી :-*** ૫૦૦ ગ્રામ બાસમતી ચોખા, ૧૦૦ ગ્રામ કોબીજ, કેસર, લવિંગ, ૨૫૦ ગ્રામ લીલા વટાણા, ૧૦૦ ગ્રામ દહીં, મરચું, મીઠું, ૧૦૦ ગ્રામ બટાટા, ૫૦ ગ્રામ દૂધ, તજ, ઘી

***રીત :-*** બટાટાને ધોઇ, છોલીને, બાફી, ટુકડા કરો. કોબીજના નાના ટુકડા કરીને સાંતળો. ચોખાને ધોઇ ગરમ પાણીમાં નાખી કડકને છૂટા ભાત કરો. પછી તપેલામાં દહીં વલોવીને ઘીમાં વઘારો. તેમાં તજ, લવીંગ, મરચું, મીઠું નાખો. બધાને હલાવો. તેના ઉપર બટાટા, તેના ઉપર લીલા વટાણા અને કોબીજને પાથરો. તેના ઉપર તૈયાર ભાત પાથરો. ઉપર ઘૂંટેલ કેસર નાખો. છેલ્લે તપેલાને ધીમે તાપે ચડવા દો. થોડીવારમાં પુલાવ તૈયાર.

## મૈસૂર ઇડલી

***સામગ્રી :-*** ૪૦૦ ગ્રામ સેવ, મીઠા લીમડાના પાન, મીઠું, ૧૨૫ ગ્રામ રવા (સૂજી), હિંગ, કોથમીર, કાજુ, ૨ ચમચી અડદ દાળ, ૧ કપ તેલ, આદુ, ૨ કપ દહી, લીલાં મરચાં, રાઇ

***રીત :-*** લીલા મરચા અને કાજુના ટુકડાને શેકો. અડદની દાળ અને રાઇ તતડે ત્યાં સુધી ગરમ કરો. પછી વાટો. તેમાં સુધારેલ આદુ, કોથમીર, લીમડાનાં પાન, મરચા, કાજુ અને સેવ નાખો. તેમાં રવો નાખી બે મિનિટ પછી ઉતારી લો. ઠંડુ પડે મિશ્રણમાં દહીં અને પાણી ભેળવી, તેમાં હિંગ અને મીઠું નાખી બે કલાક આથા માટે મૂકી રાખો. આથો આવે એટલે ઇડલીના કૂકરમાં સ્ટેન્ડની વાટકીઓમાં ભરી બાફવા મૂકો. બફાયા પછી ઇડલીના સંભાર અને ચટણી સાથે ગરમાગરમ પીરસો.

## સુરતી ઊંધિયું

***સામગ્રી :-*** ૨૫૦ ગ્રામ ચણા લોટ, ૨૦૦ ગ્રામ બટાટા, લીલુ લસણ, ૧૦૦ ગ્રામ પાકાં ટમેટા, ૧૦૦ ગ્રામ રીંગણા, ગરમ મસાલો, ૧૦૦ ગ્રામ શક્કરિયાં, ૧૦૦ ગ્રામ રતાળું, અડધુ નારિયેળ, ૫૦૦ ગ્રામ સુરતી પાપડી, ૫૦૦ ગ્રામ તેલ, કોથમીર, ૧૦૦ ગ્રામ મેથીની ભાજી, આદુ મરચાની પેસ્ટ, અજમો, કેળાં, કાંડ, સોડા, મીઠુ, મરચું, તલ.

***રીત :-*** નારિયેળને ઝીણું ખમણી, આદુ-મરચાંને વાટી, લીલું લસણ, કોથમીરને સમારીને તેમા મીઠું, તેલ નાખી મસાલો તૈયાર કરો. બટાટાને છોલી તેને અને રીંગણાને રવૈયાની જેમ કાપી લીલો મસાલો ભરી, રતાળુ, શક્કરિયાંને છોલી, મોટા કટકા કરો. મેથીની ભાજીને સમારી, ચણાનો લોટ, મીઠું, હળદર, મરચું, ખાંડ, દહીં અને તેલનું મોણ નાખી કણક બાંધી, મૂઠિયાં બનાવી તેલમાં તળી લો. પાપડીને ધોઇ, તેના ટુકડા કરી તેમાં મીઠું, સોડા, અજમો નાખી હલાવો. તપેલીમાં તેલ ગરમ કરી પાપડીનો એક થર અને રવૈયા અને શાકના કટકાનો એક થર એમ ઉપરાઉપરી થર કરીને બધું મૂકો. તેના ટમેટાના કટકા કરી, નાખી, ધીમા તાપે તેને રાખી ધીરે ધીરે હલાવો. પાપડી અને શાક બફાવા આવે એટલે ખાંડ અને મૂઠિયાં મૂકી, થોડી વાર પછી પાકેલા કેળાના બે કટકા કરી, રવૈયા ભરી, મૂકી અને ઉપર લીલો મસાલો ભભરાવો, બરાબર સિઝાઇને તેલ નીકળે એટલે ઉતારી લો.

## મઠિયા

***સામગ્રી :-*** ૫૦૦ ગ્રામ મઠનો લોટ, ૧૦૦ ગ્રામ ખાંડ, સંચોરો, સોડા, ૧૫૦ ગ્રામ અડદનો લોટ, ૨ ચમચી અજમો, તલ, મીઠું, ૪ ચમચી સફેદ મરચું, તેલ, ઘી, હિંગ.

***રીત :-*** તપેલીમાં પાણી ગરમ કરી ખાવાનો સોડા અને મીઠું નાખી ઉકાળો. ઉકળવા માંડે ત્યારે ઘી અને ખાંડ નાખી ઉતારી લો. તેમાં મઠ-અડદનો લોટ, અજમો, હિંગ, તલ, સફેદ મરચું અને હળદર નાખી કઠણ લોટ બાંધો. તેને ખૂબ મસળો. તેના નાના લૂઆ કરી લૂઆને લોટ અને ઘીનું મિશ્રણ કરી તેમાં રગદોળી તેના પાતળા મઠિયા બનાવો. ધીમા તાપે તેને તેલમાં તળી લો. બદામી રંગ પકડે એટલે ઉતારી લો.

## અનેરી ટીપ્સ

(૧) થર્મોસ અથવા કીટલીમાં ચા-કોફી ભરતા પહેલા તેને ગરમ પાણીથી ધોવાથી તે લાંબા સમય સુધી ગરમ રહે છે.
(૨) વધેલી ઇડલીને હાથેથી ચુરો કરી તેને વઘારી ઉપમા બનાવી શકાય.
(૩) ઢોંસા બનાવવા માટે ચોખા સાથે ૧ ટી. સ્પુન તુવેરદાળ તથા ૧ ટી. સ્પુન મેથી દાણા નાખવાથી ઢોસા કડક અને ક્રિસ્પી બનશે.
(૪) લીંબુને સુકાતા અટકાવવા તેના પર તેલ લગાવીને રાખવું.
(૫) ભાત બનાવતી વખતે વધારે પાણી પડી ગયું હોય તો તેમાં બ્રેડની સ્લાઇસ મુકી દેવાથી વધારાનું પાણી શોષાઇ જશે.
(૬) પનીરને તળીને તરત જ ગરમ પાણીમાં રાખી દેવાથી પનીર સોફ્ટ થશે.
(૭) ચીઝ ખમણી પર તેલ લગાવી ચીઝ ખમણવાથી ચીઝ ચોંટશે નહીં.
(૮) રીંગણનો ઓળો બનાવતી વખતે રીંગણને શેકીને તરત જ થોડીવાર ઢાંકી રાખવાથી છાલ આસાનીથી ઉતરી જશે.

*સુધા એ. બુધ્ધભટ્ટી*

# સ્વાસ્થ્ય સેતુ

• સં. શ્રીમતી પૂર્ણિમા કાંતિભાઈ કંસારા - રાજકોટ •

## ભારતીય જડીબુટ્ટી - ઈન્ડિયન મલબેરી

ભારતના દક્ષિણ ભાગમાં એક વનસ્પતિના છોડ ''મોરીન્ડા સીટ્રીફોલીઆ'' મળી આવે છે. — આ આંતરરાષ્ટ્રીય લક્ષણ રાવતા વિદેશી શબ્દો MORINDA CITRIFOLIA મૂળે બે લેટીન શબ્દો MORUS જેનો અર્થ "MULBERRY" ''મલબેરી'' અને "INDUS" એટલે કે ભારતીય થાય છે. તેના ઉપરથી ઉતરી આવેલ છે. આથી તે ''ઈન્ડિયન મલબેરી'' તરીકે ઓળખાય છે.

સમાન ગુણધર્મો ધરાવતા, "CITRIFOLIA" , ભારતીય લીંબુ નારંગીને મળતા આવતા, ખટાશયુક્ત ફળ "CITRUS SPICES" અને સમૂહગત રીતે વનસ્પતિમાં પાંદડાને મળતાપણું દર્શાવે છે તેમજ આ છોડનું નામ જ મૂળભૂત રીતે ભારતીય હોઈ, MORINDA CITRIFOLIA - કે ઈન્ડિયન મલબેરી ભારતીય મૂળનું છે. આ છોડ, ઈન્ડિયન મલબેરીનો ઉલ્લેખ આયુર્વેદ અને સિધ્ધાના પ્રાચીન ગ્રંથોમાં જોવા મળે છે. ઉપરાંત આર્યાભિષેક ગ્રંથમાં પણ તેનો સ્પષ્ટ ઉલ્લેખ થયેલો છે. સંસ્કૃતમાં તેના વૃક્ષ "ASH" તરીકે ઓળખાય છે.

આ છોડનાં ફળ તથા તેમાંથી મેળવવામાં આવતો રસ "NONI" તરીકે વિશ્વભરમાં વિખ્યાત છે. આ છોડ / ફળમાંથી બનતો જ્યુસ એ ખરેખર તો કોઈ દવા નથી પણ તેને પૂરક આહાર કહી શકાય. તેનું સેવન એ માનવજીવનમાં પરિવર્તન લાવતી અસરો ઊભી કરે છે. એટલે જ આ રસ દૈવી પીણા અને ચમત્કારીક જડીબુટ્ટી તરીકે પણ ઓળખાય છે. આ જડીબુટ્ટી કુદરતની માનવજાતને દેન છે.

વૈજ્ઞાનિક અભિગમથી જોઈએ તો આ છોડમાં ૧૫૦થી વધારે પોષક તત્ત્વો "Essential Nutraceuticals" સમાયેલા છે તથા ઘણા જ વિટામિન્સ એન મિનરલ્સ જેવા કે વિટામિન A, C, E, B-Complex, Calcium, Iron, Niacin, Folic Acid, Pantothenic Acid, Phasphorus, Magnasium Zink Copper અને અન્ય મિનરલ્સ જેવા કે CHROMIUM, MANGANESE, MOLYBDENUM, SODIUM, POTTASIUM વગેરે આ ઉપરાંત કાર્બોહાઈડ્રેટ્સ પણ સમાયેલા છે.

આ વનસ્પતિ Antibacterial, Anti-inflammatory, Analgesic તેમજ Anti congestive છે.

**વનસ્પતિના ગુણ :**

- ચેપના તેમજ રોગનાં ભયની સામે રક્ષણ કરતી આપણા શરીરની રોગપ્રતિકારક શક્તિની સિસ્ટમને મજબુત કરે છે, પ્રોટીન પચાવવાનું મહત્ત્વનું કામ કરે છે.
- ગંભીર પ્રકારના રોગોને અવરોધવાના ગુણો ધરાવતા તત્ત્વો શરીરમાં ઉત્પન્ન કરે છે.
- આપણા શરીરનાં વિવિધ પ્રકારના સેલ્સને સજીવ રાખે છે, તેમના કાર્યોનું યોગ્ય નિયંત્રણ કરે છે.
- નબળા સેલ્સને મજબુત કરે છે.
- નવા સેલ્સ ઉત્પન્ન કરે છે.
- આપણા શરીરને વાઈરલ અને બેક્ટેરીયલ હુમલાઓથી બચાવે છે.
- ખોરાકને સારી રીતે પચાવવામાં મદદ કરે છે.
- દવાઓની અસરકારકતામાં વધારો કરે છે.
- દુઃખાવામાં આ.ડઅસર વગર રાહત આપે છે.
- શરીરના વજનનું નિયંત્રણ કરે છે.
- રક્તશુધ્ધિનું કામ કરે છે.
- પાચન તંત્રની શુધ્ધિ કરે છે.
- શરીરના Self healing mechanismમાં સુધારો કરે છે.
- સ્ટ્રેસ (તાણ)માં રાહત આપે છે.
- શાંત નિદ્રા આપે છે.
- સ્મૃતિ, એકાગ્રતા અને સતર્કતામાં વધારો કરે છે.
- આપણી ચામડી, વાળ તેમજ ઉંમરના સંદર્ભે થતાં રોગોમાં ઘટાડો કરવાનું કાર્ય કરે છે.

આમ, લગભગ ૭૦ જેટલા રોગો તથા શારીરિક સમસ્યાઓમાં આ ઓસડીયું અસરકારક છે. તેનું નિયમિત સેવન એ માંદા માણસોને સાજા કરે છે તથા સાજા અને તંદુરસ્ત લોકોને હંમેશા નિરામયી / નિરોગી રાખે છે.

આમ છતાં ગંભીર પ્રકારના અને હઠીલા રોગોની ચાલુ સારવારમાં આ ઓસડિયા (ઔષધિ)નું સેવન નિષ્ણાતો અને સારવાર કરતાં તબીબોના માર્ગદર્શન મુજબ જ કરવું જોઈએ.

અગાઉ દર્શાવ્યા મુજબ Indian Mulberryનાં છોડમાંથી તથા ફળમાંથી બનાવવામાં આવતું જ્યુસ "NINO" તરીકે પ્રચલિત છે. આ ફળની દુનિયાના સાત દેશોની ૪૦ યુનિવર્સિટીઓમાં રીસર્ચ થઈ ચૂક્યા છે અને આજની તારીખે આ ફળ / NINO માટે ઈન્ટરનેટ ઉપર છ લાખથી પણ વધુ! (ખરેખર...) Web Links પ્રાપ્ય છે. આ ઉપરાંત ઘણા બધા પુસ્તકો પણ! આ અંગે અમુક માહિતી વેબસાઈટ

www.worldnoni.org ઉપરથી પણ મળી રહેશે.

આપને જાણીને નવાઈ લાગશે કે ભારતીય મૂળની આ ઔષધ જડીબુટ્ટી - છોડની ખેતી અમેરિકામાં થાય છે અને હાલમાં દક્ષિણ ભારતનાં અમુક વિસ્તારોમાં પણ... આ અંગે વધુ માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. અને ''સેતુ''ના રસ ધરાવતા વાચકોને જરૂર પડ્યેથી ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## ચાલો વરસાદ વરસાદ રમીએ

*ચાલો વરસાદ વરસાદ રમીએ*
*હું વાદળ બનીશ*
*હું! હું વીજળી બનીશ*
*ના.... ના તું પવન... ફૂંકાતો પવન બનજે*
*અને તું ગુસ્સા વાળી છો તું વીજળી બનજે*
*હું ગાજણ બનીશ*
*હું મોર બનીશ*
*હું ચાતક બની સ્વાતિ નક્ષત્રનું બીહુ પીશ*
*હું ચકલી બની ધૂળમાં ન્હાઈશ ત્યારે તું આવીશ ને?*
*હું અષાઢનો સાંબેલાધાર વરસાદ બનીશ*
*હું? હું શ્રાવણનો સરવરિયો*
*ને હું તો ભાદરવાનો ભૂસાકો બનીશ*
*હું શેરીમાંથી વહેતું પાણી....*
*ને હું પાણીમાં તરતી કાગળની હોડી....*
*હું નેવાનું પાણી બનીશ....*
*હું ખળખળ વહેતું ઝરણું....*
*હું બે કાંઠે વહેતી નદી....*
*અને હું તો સૂના સૂના રણનું સરોવર બનીશ.*
*હું તો વરસાદમાં નહાતા નહાતા*
*આવ રે! વરસાદ ઘેબરિયો વરસાદ*
*ઊની ઊની રોટલી ને કારેલાનું શાક*
*એમ ગાઈશ ને... ધધુડામાં ન્હાઈશ.*
*હું તો મોટો ધોધ બનીશ*
*હું ખેડૂતના હોઠોનું હાસ્ય બનીશ*
*હું તળાવના ઓગન પર છત્રી ઓઢી બેસીશ વરસાદ જોઈશ.*
*હું તો ધસમસતું પૂર બનીશ*
*ના.... ના... પૂર ન બનાય... તાણી જાય*
*ના હું તો પૂર જ બનીશ....*
***(છાનીમાની બેઠેલી ઉપેક્ષિત વ્યક્તિ બોલી)***
*હું તો વરસાદ જેની આંખોમાંથી*
*શ્રાવણ ભાદરવો વરસાવસે*
*તેની આંખના અશ્રુ લૂછવાનો*
*એક નાનકડો રૂમાલ બનીશ...*
*એક નાનકડો રૂમાલ બનીશ.*

***લતા સોલંકી - ભુજ (કચ્છ)***

## TRY તો કરી જુઓ....

- **ડાયાબિટીસ**

  બારમાસીના ૮થી ૧૦ ફુલ, રાત્રે કાચના વાસણમાં, પાણીમાં પલાળીને મૂકી રાખવાના. સવારના આ ફુલોને આ પાણીમાં નીચોની નાખવા. આ પાણી પી જવું.

- **પથરી**

  ***લીંબુનો રસ આ રીતે બનાવવો***

  ૧ કિ.ગ્રા. લીંબુમાંથી લાકડાની પટ્ટી કે લાકડાના ટુકડા વડે કાણું પાડી રસ કાઢવા. આ રસને કાચની બરણીમાં એકઠો કરવો. આ પ્રક્રિયામાં ધાતુના ચપ્પુ - છરી કે અન્ય સાધનો તથા કોઈપણ ધાતુના વાસણનો ઉપયોગ કરવો નહીં. કાચની બરણીમાં આ રસમાં ૨થી ૩ કોડી (દરીયાઈ કોડી) નાખી દેવી. ૪થી ૫ દિવસમાં આ કોડી લીંબુના રસમાં ઓગળી જશે. ત્યારબાદ આરસને કાચના કપમાં કાઢી ૨થી ૩ ચમચી સવારમાંજ લેવાથી પથરી ઓગળીને નીકળી જાય છે.

***સં. શ્રીમતી પૂર્ણિમા કાંતિભાઈ કંસારા - રાજકોટ***

*It is wrong that Nobody can be strong*
*If we try till long, success must sing a song.*

***કુ. જીનલ પી. સોની - નાગલપુર, માંડવી (કચ્છ)***

## બેન્ક વ્યવહાર

આપણે સામાન્ય રીતે ૪-૫ હજાર કમાતા હશું અને એ રકમ આપણે મોટેભાગે જેવી આપણા હાથમાં આવે તેવી તરત જ રાશન, દૂધ વગેરેને આપીએ છીએ આ રીતે આપણું આવક-જાવકનું ચક્ર ચાલે છે.

પણ જો આ રકમને આજે બેંકમાં જમા કરાવી અને કાલે કઢાવીને પછી રાશન, દૂધ વગેરેને આપીએ તો આપણે થતા ફાયદાઓ


**ફાયદાઓ :-**

૧. બેંકના વ્યવહારનો ખ્યાલ આવે.
૨. બેંકમાં વિશ્વાસનું પ્રતીક બનીએ.
૩. બેંકના થતાં વિશિષ્ટ લાભોનો ખ્યાલ આવે.
૪. આપણે રાશનવાળો વગેરે ઓળખે તેવી જ રીતે બેંકમાં ઓળખાણ થાય.
૫. નાની-મોટી લોન માટે બેંકનુ સ્ટેટમેન્ટ ઉપયોગી થાય.
૬. રોકડા હાથમાં આવે તો બધા જ વપરાઇ જાય પણ બેંકમાંથી આપણે જરૂર હોય તે રકમ ઉપાડીએ તો બાકીની રકમની બચત થાય.

***મોકલનાર :- બુધ્ધભટ્ટી જીતેશ કાંતિલાલ (માધાપર)***

# જ્ઞાતિનું ગૌરવ

## મનોજકુમાર એન. બારમેડા, B.E. (Civil)



આપણી જ્ઞાતિમાં શિક્ષણ પ્રત્યે પ્રેમ વધતો જાય છે. ધીરે ધીરે શૈક્ષણિક સ્તર પ્રગતિના પંથે આગળ વધે છે. આપણી જ્ઞાતિમાં એન્જીનીયર, C.A., M.B.A.માં આપણા તારલા ચમકવા લાગ્યા છે. જે જાણીને ખૂબજ આનંદ થાય છે. આપણી જ્ઞાતિમાંના એક મનોજકુમાર B.E. Civil એન્જીનીયર બન્યા છે.

કમ્પ્યુટરમાં C, C + Java, કમ્પ્યુટર સોફ્ટવેર MS-Office AutoCAD, સિવિલ એન્જીનીયરિંગ સોફ્ટવેર 3D-Home Computer Programme for civil engineeringમાં સિધ્ધિ હાંસલ કરી હાલમાં Project Implement Unit ગાંધીનગર દ્વારા સંચાલિત સંસ્થામાં જૂનીયર એન્જીનીયર તરીકે કાર્યરત છે.

મનોજકુમાર સોરઠીયા પ્રજાપતિ હોસ્ટલ આણંદમાં કમ્પ્યુટર શિક્ષક તરીકે, રવી એન્જીનીયર એન્ડ કોન્ટ્રેક્ટર, અમદાવાદમાં સાઈટ એન્જીનીયર તરીકે, કતીરા કન્સ્ટ્રકશન લિ. કંપની ભુજમાં પ્રોજેક્ટ મેનેજર તરીકે કામ કરેલ છે. તેમજ કિર્લોસ્કર કંપની લિમિટેડમાં જુનીયર એન્જીનીયર તરીકે કામ કરેલ છે.

તેઓ હાલે ભુજમાં બારમેડા કન્સ્ટ્રકશન કંપની ચલાવે છે. જેમાં નખત્રાણા, ભુજ, અંજાર, ગાંધીધામ માં અલગ અલગ પ્રોજેક્ટો સંભાળી રહ્યા છે.

તેઓ વિકાસ અને સમૃધ્ધિના શિખર સર કરે તેમજ આપણી જ્ઞાતિના કાર્યમાં સેવા આપતા રહે એવી સેતુ પરિવાર શુભેચ્છા.

## ફોરમ બુધ્ધભટ્ટી



અહીંની મા આશાપુરા બી.એડ. કોલેજની તાલીમાર્થી બહેનો એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી મુંબઇ આયોજીત ઝોનલ સ્પર્ધામાં ગુજરાત કક્ષાએ એકપાત્રીય અભિનયમાં ચોકસી ભૂમિ તથા નિબંધ લેખનમાં બુદ્ધભટ્ટી ફોરમ વિજેતા બની હતી.

ત્યારબાદ ઈન્ટર ઝોન સ્પર્ધા જે મુંબઇ ખાતે યુનિવર્સિટીમાં યોજાઇ હતી જેમાં મુખ્યત્વે ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ગોવા તથા મુંબઇ ઝોનના વિજેતા સ્પર્ધકોએ ભાગ લીધો હતો, તેમાં મા આશાપુરા બી.એડ. કોલેજ ભુજની આ બંને બહેનોએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને મુંબઇ ખાતે બંને કાર્યક્રમમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. ફોરમ બુદ્ધભટ્ટીએ અંગ્રેજીમાં લેખન લખી ઈન્ટર ઝોનમાં સમગ્ર યુનીટમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. સિદ્ધિ બદલ ટ્રસ્ટ તરફથી બંને બહેનોને પુરસ્કારની ઘોષણા માનદ્‌મંત્રી વખતસિંહજી જાડેજાએ કરી હતી. ફોરમને ટ્રસ્ટ તરફથી રૂા. ૧૧૧૧/- તથા ભૂમિને રૂા. ૫૦૧/- ઈનામ આપવાની જાહેરાત કરાઇ હતી.

# અભિનંદન

## નીલેશ પોમલ



શ્રી નીલેશ બાબુલાલભાઈ પોમલ તાજેતરમાં ગુજરાત ઈલેક્ટ્રીસીટી બોર્ડ દ્વારા સૌરાષ્ટ્ર કચ્છની જુનીયર એન્જીનીયરની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. તેઓશ્રીની ભુજ શાખામાં એન્જીનીયર પદે નિમણુંક થઈ છે.

## હની કંસારા

આપણા સેતુ પરિવારના અગ્રણી સ્થાપક સભ્યોમાંના શ્રી શૈલેષભાઈ કંસારા, જેઓ હાલે, ભુજમાં કચ્છમિત્ર દૈનિકના વ્યવસ્થાપક પદે છે, તેમના સુપુત્ર શ્રી હની કંસારાએ તાજેતરમાં પૂના યુનિવર્સિટીમાંથી મીકેનીકલ એન્જીનિયરની ડિગ્રી-ઉચ્ચ કક્ષાએ પ્રાપ્ત કરી છે. અભ્યાસ પૂર્ણ કર્યા બાદ, તરત જ, તેઓશ્રી વિશાલ એન્જીનીયર્સ અમદાવાદ ખાતે વર્કશોપ સુપરવાઇઝર તરીકે નિયુક્ત થયા છે.

## આનંદ કંસારા

કચ્છ જ્ઞાતિ ઉત્કર્ષ મંડળ, ગાંધીધામના સ્થાપક પ્રમુખ શ્રી અરૂણભાઈ કંસારાના સુપુત્ર શ્રી આનંદકુમાર તાજેતરમાં નોર્થ મહારાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી ઈલેક્ટ્રોનિક્સ અને ટેલિકોમ્યુનિકેશન એન્જીનીયરીંગમાં ઉચ્ચ કક્ષા સાથે ડિગ્રી મેળવેલ છે. અભ્યાસ પૂર્ણ કરતાની સાથે જ તેઓશ્રી 'એક્વાજેલ' ગાંધીધામમાં ઈલેક્ટ્રીકલ એન્જીનીયર ટ્રેઈની તરીકે જોડાયા હતા. તેઓશ્રીને તાજેતરમાં કંપની દ્વારા વિશેષ તાલીમ હેતુ પૂના મોકલવામાં આવ્યા છે.

## દેખાતુ નથી

ક્રોધને દયા દેખાતી નથી
ધનને મુશ્કેલી દેખાતી નથી
આશાને નિરાશા દેખાતી નથી
ત્યાગને લાલચ દેખાતી નથી
નાસ્તિકને શ્રદ્ધા દેખાતી નથી
ભુલને કબુલાત દેખાતી નથી
જુઠ્ઠાને શરમ દેખાતી નથી
ભુખને પરીક્ષા દેખાતી નથી
કાયરને ફતેહ દેખાતી નથી
ઇચ્છાને અપમાન દેખાતું નથી
ગર્વને જ્ઞાન દેખાતું નથી
કામાંધને કલંક દેખાતું નથી
ઇર્ષાને ઇન્સાફ દેખાતો નથી
ભાગ્યને સંજોગ દેખાતો નથી
વહેમને વિશ્વાસ દેખાતો નથી
સત્તાને સંયમ દેખાતો નથી
પ્યારને ખાર દેખાતો નથી
શુરવીરને શત્રુ દેખાતો નથી
એદીને ઉદ્યોગ દેખાતો નથી
લાંચને ધરવ દેખાતો નથી
વેરને વિનાશ દેખાતો નથી
લોભને સંતોષ દેખાતો નથી
ભીખને તિરસ્કાર દેખાતો નથી
દુઃખીને આનંદ દેખાતો નથી
બુદ્ધિને હરીફ દેખાતો નથી
મનુષ્યને શાંતિ દેખાતી નથી.

**પ્રેષક :- અંકિતા આર. સોની - અમદાવાદ**

## હિજ મુજી સ્ટાઇલ આય

હથ મેં મોબાઇલ આય
પલસરજી બાઇક આય
જીન્સ મુજી ટાઇટ આય
સ્કીન મુજી વ્હાઇટ આય
શર્ટ ભેરી ટાઇ આય
શુઝ ભી હાઇ-ફાઇ આય
પસંધ મુજી જ રાઇટ આય
કરણી મુકે ફાઇટ આય
ભણેલા તો નાઇટ આય
આવ'ત ૨૧મી સદી જો યુવાન
હીજ મુજી સ્ટાઇટ આય.....

**બારમેડા અમિત જનકભાઇ (ધોરણ-૧૦) - માધાપર જૂનાવાસ**

## ત્રિકાળ સંધ્યા

કરાગ્રેવસ્તે લક્ષ્મી કરમૂલે સરસ્વતી
કરમધ્યે તું ગોવિંદ પ્રભાતે કર દર્શનમ
સમુદ્રવસને દેવી પર્વતસ્તનમંડલે
વિષ્ણુપત્નિ નમસ્તુભ્યમ પાદર્સ્પર્સમં ક્ષણસ્વમે
વસુદેવ વસુતમદેવમ કંસચારુરમહઅમ
દેવકીપરમાનંદમ કૃષ્ણવન્દે જગત ગુરુ
યજ્ઞનૂસિષ્ઠા સિના સન્તો
મુરચન્તે સર્વ કિલ્લીષૈ
ભુંજ્જતેતે તહમ પાપા યે પજન્યાત કારણાત
યત કરોષિ યદદનાસિ યજ્જુહોષિ દદાષિયત
યત તતપસિ કૌન્તેય તત ગુરુષ્યામ દર્પાગમ
અહંમ વૈશ્વા નરો ભુત્વા પ્રાણિયા દેહમાશ્રિત ।
પ્રાણાવાન સમાયુક્ત પ્રચાનંદમ ચર્તુવિદમ
કૃષ્ણાય વાસુદેવાય હરયે પરમાત્માને
પ્રણતકેશાનાશાય ગોવિંદાય નમો નમઃ
કર ચરણ કૃતમવા
કાંયજ કર્મ જમવા
શ્રવણ નયન જમવા
માનસમવા પરાધમ
વિહિતમ વિહિતમવા સર્વ મેતાસ્વમસ્વમે
જય જય કરુણાગ્રે શ્રી મહાદેવશંભુ
ત્વમેવ માતાચપિતા ચ ત્વમેવ
ત્વમેવ બંધુ જ ચ સખા જ ત્વેમવ
ત્વમેવ વિદ્યા પ્રવિણમં ત્વમેવ
ત્વમેવ સર્વા મમદેવ દવ

**જય યોગેશ્વર**

**પ્રેષક :- હેડાઉ રાહુલ સુનીલભાઇ - માંડવી**

## 'માતા પિતાની જેણે આજ્ઞાઓ પાળી'

માતા પિતાની જેણે આજ્ઞાઓ પાળી અડસઠ તીર્થ એણે કીધા રે,
ગુરુજીના જેણે વચનો પાળ્યા અમૃત રસ એણે પીધા રે,
પિતાજીનું વચન પાળવાને માટે રામ સરીખા વન ગયા રે,
પિતાજીના કરજે રોહિત વેચાણો અમર નામ એના થયા રે,
માત-પિતાના મન સંતોષવાને ભીષ્મે પ્રતિજ્ઞા પાળી રે,
બાળ બ્રહ્મચારી રહ્યા જગતમાં પ્રતિજ્ઞા પૂરી કરી રે,
માતા-પિતાને ઊંચકીને યાત્રા શ્રવણે પોતે કરાવી રે,
ધન્ય છે એવા દીકરાઓને માતા-પિતાની કૂખ ઉજાળી રે,
માતા-પિતાની જે સેવાઓ કરશે તેને ઘેર ગંગાને રેવા રે
દાસ 'હરિ' રુવે મા બાપની સેવા સ્વર્ગના સુખ તે એવા રે.

**કું. વિદુલા કાંતિલાલ કટ્ટા-આદીપુર**

# શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ

## વ્યવસાય રોજગાર સમિતિ

★ *ચેરમેનશ્રી :*

સોની હરિલાલ લખમશીભાઇ વીશા પરમાર અંજાર

★ *સભ્યશ્રીઓ :*

| | |
|---|---|
| સોની હરેશભાઇ નેણસીભાઇ | માંડવી |
| સોની જયંતિલાલ મગનલાલ મૈચા | ભુજ |
| સોની ચેતનકુમાર ઇશ્વરલાલ બારમેડા | ભુજ |
| સોની હસમુખભાઇ કે. મૈચા | ભુજ |
| સોની મુળજીભાઇ નાનાલાલ કટ્ટા | ભુજ |
| સોની સતીષભાઇ ઇંદરજી હેડાઉ | ભુજ |
| સોની કમલેશભાઇ બુધ્ધભટ્ટી | ભુજ |
| સોની દિલીપકુમાર લાલજીભાઇ બિજલાણી | ભુજ |
| સોની હેતલ એન. બારમેડા | ભુજ |
| સોની પ્રદિપકુમાર જી. બિજલાણી | ભુજ |
| સોની કાન્તિલાલ ભાઇલાલ બીજલાણી | મુંબઇ |
| સોની હરીશભાઇ બીપીનચંદ્ર બુધ્ધભટ્ટી | જામનગર |
| સોની ગીરીશભાઇ કાન્તીલાલ | અમદાવાદ |
| સોની ભરતભાઇ ટી. બગા | ગાંધીધામ |
| સોની નવનીતભાઇ વિઠ્ઠલદાસ પરમાર | અંજાર |
| સોની ફોરમ સુરેશકુમાર પોમલ | અંજાર |
| સોની કિશોરભાઇ પ્રાણલાલ સોલંકી | ગાંધીધામ |
| સોની પ્રફુલકુમાર રમણીકલાલ | નેત્રા |
| સોની હિંમતલાલ શીવજીભાઇ | વિથોણ |
| સોની નાનાલાલ હરીરામ | વિથોણ |
| સોની પ્રફુલકુમાર મગનભાઇ બારમેડા | રાયપુર |

## સામાજીક સમિતિ

★ *ચેરમેનશ્રી :*

સોની ઇન્દુભાઇ હરિરામ સોલંકી ભુજ

★ *સભ્યશ્રીઓ :*

| | |
|---|---|
| સોની સંજયકુમાર મનસુખલાલ બુધ્ધભટ્ટી | માંડવી |
| શ્રીમતી લતાબેન ઇન્દુભાઇ (સોલંકી) સોની | ભુજ |
| શ્રીમતી રોહીણીબેન ભરતભાઇ બુધ્ધભટ્ટી | ભુજ |
| શ્રીમતી અરૂણાબેન એન. બુધ્ધભટ્ટી | ભુજ |
| સોની જમનાદાસ કરશનદાસ કટ્ટા | ભુજ |
| સોની ઇશ્વરલાલ વાલજીભાઇ હેડાઉ | ભુજ |
| સોની ચંદ્રકાન્ત ચમનલાલ ગુજરાતી | માનકુવા |
| શ્રીમતી સુનંદાબેન હર્ષદભાઇ ચનાણી | ભુજ |
| સોની અનીલભાઇ કેશવલાલ છત્રાળા | ભુજ |
| સોની રાજેન્દ્રકુમાર વેલજી પોમલ | ભુજ |
| સોની શાન્તિલાલ કલ્યાણભાઇ બુધ્ધભટ્ટી | વડાલી |
| સોની જયંતિલાલ હીરજીભાઇ સાકરીયા | મુંબઇ |
| સોની શીવલાલ સામજી મહીયા | અંજાર |
| સોની રાજેશભાઇ કેશવલાલ વીશા પરમાર | અંજાર |
| સોની કમલકુમાર વિઠ્ઠલદાસ પરમાર | અંજાર |
| સોની શાન્તિલાલ વિઠ્ઠલદાસ પોમલ | અંજાર |
| સોની રમેશભાઇ રાઘવજી લાયચા | જડોદરા |
| સોની ભાઇલાલભાઇ ગોવિંદભાઇ બારમેડા | રવાપર |
| સોની ગંગારામ કરશનદાસ | નખત્રાણા |
| સોની ભોગીલાલ હંસરાજ કટ્ટા | નખત્રાણા |
| સોની ચંદ્રકાન્તભાઇ બાબુભાઇ બારમેડા | રાયપુર |

## નાણાંકીય વ્યવસ્થા સમિતિ

★ *ચેરમેનશ્રી :*

સોની ચંદ્રકાન્તભાઇ જટુભાઇ ચનાણી ભુજ

★ *સભ્યશ્રીઓ :*

| | |
|---|---|
| સોની પ્રવિણકુમાર લખમીદાસ | નાગલપુર |
| સોની પ્રદિપભાઇ જીવરામ બિજલાણી | ભુજ |
| સોની હર્ષદભાઇ ધનજીભાઇ બુધ્ધભટ્ટી | ભુજ |
| સોની હર્ષદભાઇ ઝવેરીલાલ બુધ્ધભટ્ટી | ભુજ |
| સોની જેન્તીલાલ ઇંદરજી હેડાઉ | ભુજ |
| સોની નિતિનભાઇ અમૃતલાલ હેડાઉ | ભુજ |
| સોની ધર્મેન્દ્રકુમાર ઓધવજી બારમેડા | ભુજ |
| સોની હસમુખલાલ કેશવલાલ મૈયા | માધાપર |
| સોની બીપીનચંદ્ર શીવજી બુધ્ધભટ્ટી | ભુજ |
| સોની ભરતકુમાર હિંમતલાલ બગા | ભુજ |
| સોની દિનેશકુમાર જેઠાલાલ બારમેડા | તલોદ |
| સોની હસમુખરાય લક્ષ્મીદાસ પોમલ | થાણા |
| તુલસીદાસ લક્ષ્મીદાસ કંસારા | અમદાવાદ |
| સોની સુરેશભાઇ પરસોત્તમ વિશા પરમાર | અંજાર |
| સોની જગદીશ હરીલાલ છત્રાળા | અંજાર |
| સોની હેમેન્દ્રભાઇ દામજી કટ્ટા | અંજાર |
| સોની ચીમનલાલ ઓછવજી બુધ્ધભટ્ટી | વિથોણ |

| | |
|---|---|
| સોની જેન્તીલાલ ત્રીકમદાસ | વીરાણી |
| સોની રમેશકુમાર રતનશી પોમલ | નલિયા |
| સોની રમેશચંદ્ર મોહનલાલ બગા | નખત્રાણા |
| સોની જયસુખભાઇ છગનભાઇ પોમલ | રાયપુર |

## કલા સંસ્કૃતિ સમિતિ

★ *ચેરપર્સન :*

| | |
|---|---|
| સોની સુધાબેન અમૃતલાલ બુધ્ધભટ્ટી | ભુજ |

★ *સભ્યશ્રીઓ :*

| | |
|---|---|
| કંસારા ચંદુલાલ વાલજીભાઇ બિજલાણી | માંડવી |
| શ્રીમતી રોહિણીબેન ભરતભાઇ બુધ્ધભટ્ટી | ભુજ |
| શ્રીમતી લતાબેન ઇન્દુભાઇ સોલંકી | ભુજ |
| શ્રીમતી રંજનબેન હસમુખલાલ મહિયા | માધાપુર |
| શ્રીમતી શીતલબેન અરૂણભાઇ બુધ્ધભટ્ટી | ભુજ |
| શ્રીમતી જયશ્રીબેન જેન્તીલાલ બુધ્ધભટ્ટી | ભુજ |
| શ્રીમતી બીનાબેન સમીરભાઇ કંસારા | ભુજ |
| શ્રીમતી ચૌલાબેન મનોજભાઇ મહીચા | ભુજ |
| શ્રીમતી જયશ્રીબેન અનિલભાઇ છત્રાળા | ભુજ |
| શ્રીમતી સિલ્કીબેન દિપેશકુમાર સોની | ભુજ |
| સોની રાજેશકુમાર કાન્તિલાલ બારમેડા | બાયડ |
| શ્રીમતી મનિષાબેન મેહુલકુમાર બારમેડા | તલોદ |
| શ્રીમતિ નિશાબેન ડોલરકુમાર સાકરીયા | મુલુન્ડ (વેસ્ટ) |
| શ્રીમતી દેવીનાબેન જીતેનકુમાર બુધ્ધભટ્ટી | અંજાર |
| શ્રીમતી પિન્કીબેન નિખીલકુમાર કટ્ટા | અંજાર |
| શ્રીમતી રશ્મિબેન ફોરમભાઇ પોમલ | અંજાર |
| શ્રીમતી કીંજલબેન અમીતકુમાર બારમેડા | અંજાર |
| સોની વેલજીભાઇ લાલજીભાઇ બુધ્ધભટ્ટી | કોટડા |
| સોની શીવજીભાઇ ચાંપશીભાઇ | કોટડા |
| સોની દિવાળીબેન વિઠ્ઠલદાસ | કોટડા |
| સોની જયાબેન | નખત્રાણા |

## શિક્ષણ સમિતિ

★ *ચેરમેનશ્રી :*

| | |
|---|---|
| સોની રસીકભાઇ રવજીભાઇ મૈચા | મુંબઇ |

★ *સભ્યશ્રીઓ :*

| | |
|---|---|
| સોની વિનોદભાઇ વલ્લભદાસ હેડાઉ | માંડવી |
| સોની પ્રદિપભાઇ જીવરામ બિજલાણી | ભુજ |
| સોની મૂળજીભાઇ નાનાલાલ કટ્ટા | ભુજ |
| સોની ચેતનકુમાર ઇશ્વરલાલ બારમેડા | ભુજ |
| સોની ઇશ્વરલાલ વાલજીભાઇ હેડાઉ | ભુજ |
| સોની કિશોરભાઇ દયારામ ચૌહાણ | ભુજ |
| સોની હિતેશકુમાર રસીકલાલ બીજલાણી | ભુજ |
| સોની શિશીરકુમાર અમૃતલાલ હેડાઉ | ભુજ |
| કંસારા સમીરભાઇ રમેશચંદ્ર ગોહિલ | ભુજ |
| સોની વિજયકુમાર દયારામ બુધ્ધભટ્ટી | ભુજ |
| સોની જયેષકુમાર ઉમરશીભાઇ કટ્ટા | ડેમાઇ |
| સોની બિહારીલાલ હરિલાલ બુધ્ધભટ્ટી | રાજકોટ |
| શ્રીમતી સોની વીણાબેન વિનોદકુમાર બગા | થાણા |
| સોની જયમીનકુમાર જેઠાલાલ બારમેડા | અમદાવાદ |
| સોની ભરતભાઇ ભગવાનદાસ બુધ્ધભટ્ટી | અંજાર |
| સોની વિરેન્દ્રભાઇ પોમલ | અંજાર |
| કંસારા ચમનલાલ વેલજીભાઇ સોલંકી (એડ.) | ભચાઉ |
| સોની ધનજીભાઇ હરિરામ બુધ્ધભટ્ટી | કોઠારા |
| સોની કેશવજીભાઇ ગોવિંદજીભાઇ | નેત્રા |
| સોની રતિલાલ હંસરાજભાઇ | નખત્રાણા |
| સોની જયેશભાઇ બાબુભાઇ પોમલ | રાયપુર |

## મેડીકલ સમિતિ

★ *ચેરમેનશ્રી :*

| | |
|---|---|
| સોની સુનીલભાઇ માધવજીભાઇ પોમલ | ભુજ |

★ *સભ્યશ્રીઓ :*

| | |
|---|---|
| કંસારા રમેશભાઇ વાલજીભાઇ | માંડવી |
| સોની દિલીપભાઇ કાનજીભાઇ બગા | ભુજ |
| સોની હર્ષદભાઇ ઝવેરીલાલ બુધ્ધભટ્ટી | ભુજ |
| સોની નિતીનભાઇ અમૃતલાલ હેડાઉ | ભુજ |
| સોની અનિલભાઇ કેશવલાલ છત્રાળા | ભુજ |
| સોની પ્રદિપભાઇ જીવરામભાઇ બિજલાણી | ભુજ |
| સોની બકુલભાઇ જેન્તીલાલ ગુજરાતી | ભુજ |
| સોની હર્ષદભાઇ જટુભાઇ ચનાણી | ભુજ |
| સોની મૂળજીભાઇ નાનાલાલ કટ્ટા | ભુજ |
| સોની અશોકકુમાર જેન્તીલાલ બુધ્ધભટ્ટી | ભુજ |
| નીતીનભાઇ ચંદ્રકાન્ત ઝવેરી કટ્ટા | મુંબઇ |
| સોની પંકજભાઇ જેરામભાઇ કોટડીયા | જામનગર |
| સોની રમેશભાઇ વેલજીભાઇ પોમલ | અમદાવાદ |
| સોની રાજેન્દ્રકુમાર કાન્તીલાલ | અમદાવાદ |
| સોની અનીલભાઇ શંકરલાલ બગા | અંજાર |
| સોની દિનેશભાઇ રાઘવજી સકરીયા | અંજાર |
| સોની કિશોરકુમાર પ્રાણલાલ | ગાંધીધામ |
| સોની વિનોદભાઇ રામજીભાઇ | રવાપર |
| સોની ઉમરશીભાઇ બારમેડા | ધડાની |
| સોની જયરામભાઇ ધનજીભાઇ બુધ્ધભટ્ટી | દેવીસર |
| સોની શાન્તિલાલ મુરજીભાઇ | રવાપર |

## સલાહકાર સમિતિ

★ *ચેરમેનશ્રી :*

| | |
|---|---|
| સોની અમૃતલાલ જેઠાલાલ સોલંકી | ભુજ |

★ *સભ્યશ્રીઓ :*

| | |
|---|---|
| સોની સુરેશભાઈ પ્રાગજીભાઈ સોલંકી | માંડવી |
| સોની કિશોરભાઈ જટુભાઈ ચનાણી | ભુજ |
| સોની રસીકલાલ ઝવેરીલાલ બુધ્ધભટ્ટી | ભુજ |
| સોની ભાઈલાલભાઈ વેલજી પોમલ | ભુજ |
| સોની ચિતરંજન ધારશી પરમાર | ભુજ |
| સોની નવીનભાઈ ઈંદરજી હેડાઉ | ભુજ |
| સોની વિઠ્ઠલદાસ પ્રાગજી બારમેડા | ભુજ |
| સોની મનસુખલાલ વેલજીભાઈ બુધ્ધભટ્ટી | ભુજ |
| સોની વસંતલાલ માવજીભાઈ બુધ્ધભટ્ટી | ભુજ |
| સોની જગદીશચંદ્ર દયારામ ચૌહાણ | ભુજ |
| સોની હસમુખલાલ લાલજી સાકરીયા | ખેડબ્રહ્મા |
| સોની અરવિંદભાઈ લક્ષ્મીદાસ બારમેડા | રાજકોટ |
| સોની નાનાલાલ નારણજી સાકરીયા | ઘાટકોપર (પૂર્વ) |
| કંસારા હંસરાજભાઈ ઠાકરશીભાઈ | અમદાવાદ |
| સોની મોહનલાલ રાઘવજી સોલંકી | અંજાર |
| સોની નવીનભાઈ નરોત્તમદાસ બારમેડા | અંજાર |
| સોની છગનલાલ નારણદાસ હેડાઉ | અંજાર |
| સોની પ્રેમજીભાઈ ગાંગજીભાઈ | અંજાર |
| સોની જેઠાલાલ રાઘવજી ગુજરાતી | નલીયા |
| સોની મોહનલાલ હીરજી | દયાપર |
| સોની વિઠ્ઠલદાસ હરીરામ | કોઠારા |

## પ્રભુકૃપા ક્વીઝ કોર્નર

ગત અંકમાં પૂછાયેલ પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે : **(૧) ૧, ૨, ૩, કરાર (૨) પાકિસ્તાન (૩) ડો. રાજેન્દ્ર પ્રસાદ**

સાચા જવાબો આપનાર મિત્રો છે : (૧) શીતલ બુધ્ધભટી (ભુજ), (૨) અલ્પા એ. સોની (અંજાર), (૩) જલ્પા આઈ. સોની (માંડવી), (૪) રોહિણી ભરતભાઈ બુધ્ધભટ્ટી (ભુજ).

જે પૈકી ભાગ્યશાળી વિજેતા છે : **જલ્પા આઈ. સોની - માંડવી** તેમને રૂા. ૧૦૧/-નું ઈનામ **પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર** તરફથી આપવામાં આવે છે. અભિનંદન.

***હવે આ અંકના પ્રશ્નો નીચે મુજબ છે :***

૧. રામસેતુનો વિરોધ કરનાર શ્રી કરૂણાનિધી કયા રાજ્યના મુખ્યમંત્રી છે?
(૧) કેરલ, (૨) તામિલનાડુ, (૩) આંધ્ર પ્રદેશ

૨. ભારતીય ક્રિકેટ ટીમના કપ્તાન મહેન્દ્રસિંહ ધોની કયા રાજ્યના વતની છે?
(૧) પંજાબ, (૨) હરિયાણા, (૩) ઝારખંડ

૩. ગુજરાતમાં ગત વર્ષમાં કયા રોગના કારણે હજારો લોકો બિમાર પડેલ?
(૧) ચિકનગુનીયા, (૨) કોલેરા, (૩) કમળો

*ઉપરોક્ત સવાલોના જવાબો તા. ૩૦-૧૧-૨૦૦૭ સુધી, તંત્રીશ્રી, જ્ઞાતિસેતુ કાર્યાલયને સરનામે લખી જણાવશો. સાચો જવાબ આપનાર ભાગ્યશાળી વિજેતાને* ***પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર*** *તરફથી રૂા. ૧૦૧/-નું રોકડ ઈનામ મળશે. તો થાવ તૈયાર... બેસ્ટ ઑફ લક...*


## જ્ઞાતિના તેજસ્વી તારલાઓ




**આયુષી તુલસીદાસ સોની**
હિંમતનગર
ધોરણ-૧ : ૯૯%



**યેશા સતીશભાઈ બુધ્ધભટ્ટી**
અંજાર
ધોરણ-૨ : ૮૫%



**મોનીકા કિશોર સોની**
ગાંધીધામ
ધોરણ-૧૧ : ૭૪.૪૩%



**ખુશાલ નરેન્દ્ર બારમેડા**
F.Y.B.B.A. : ૮૦%



**સ્વાતિ સુરેશભાઈ સોની**
માંડવી
S.Y.B.Com. : ૭૬%



**નીમા રમણિકલાલ પોમલ**
ભુજ
T.Y.B.A. : ૬૭%




**રાધિકા ભગવાનદાસ પરમાર** માધાપર
ભારત સરકારના યુવા અને રમતગમત વિભાગ હેઠળના એન.એસ.એસ. યુવા ભારત કેમ્પ - દિલ્હી ખાતે હાજર રહી સેવા આપવા બદલ અભિનંદન.

## માનસી બાળ 'શબ્દ કસોટી'

ગત અંકના જવાબો આ મુજબ છે : ● ***આડી ચાવીઓ*** : (૧) માનવી, (૪) રમણીય, (૭) રાધા, (૯) વીર, (૧૦) તન, (૧૧) કરતાલ, (૧૪) શ્રી, (૧૫) ગજબ. ● ***ઊભી ચાવીઓ*** : (૧) મહારાજ, (૪) વીર, (૩) પ્રાણી, (૪) મગ, (૬) યમન, (૮) ધારક, (૧૦) તલબ, (૧૨) રગ, (૧૩) તાજ.

***સાચા જવાબ આપનારા મિત્રો છે :*** સોની જીગર હિંમતલાલ - વિથોણ, રીટા જે. બુધ્ધભટ્ટી - ભુજ, અલ્પા એ. સોની - અંજાર, માનસી ડી. કોટડીયા - માંડવી, શીતલ એ. બુધ્ધભટ્ટી - ભુજ, રોહિણી ભરતભાઈ બુધ્ધભટ્ટી - ભુજ. જે પૈકી સોની જીગર હિંમતલાલ (વિથોણ) ભાગ્યશાળી વિજેતા જાહેર થયેલ છે. તેમને રૂા. ૧૦૧/-નું ઈનામ મની ઓર્ડરથી મોકલવામાં આવશે. હવે આ અંકની કસોટી.



ઉપરોક્ત શબ્દ ચોકઠા અને આડી-ઊભી ચાવીઓના આધારે યોગ્ય શબ્દો શોધી આપનો જવાબ ***તા. ૩૦-૧૧-૨૦૦૭*** સુધીમાં 'જ્ઞાતિસેતુ' કાર્યાલયમાં મોકલાવી આપશો. આગામી અંકમાં પ્રકાશિત ઉકેલ સાથે જેમના જવાબ મળતા હશે તેમના નામ 'સેતુ'માં પ્રકાશિત થશે. ભાગ્યશાળી વિજેતાને સ્વ. માનસીની સ્મૃતિમાં રૂા. ૧૦૧/-નું ઈનામ પણ આપવામાં આવશે. તો થાવ તૈયાર....

### <u>આડી ચાવીઓ</u>

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | આત્મહત્યા | (૪) | ૪. | સુવર્ણ, સોની | (૨) |
| ૫. | પવિત્ર | (૨) | ૬. | રાંધેલા ચોખા | (૨) |
| ૯. | પક્ષપાત વગરનું | (૩) | ૧૧. | દીકરીનો પતિ | (૨) |

### <u>ઊભી ચાવીઓ</u>

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | આજુબાજુ | (૪) | ૨. | તેલ કાઢવાનું સાધન | (૨) |
| ૩. | એક પાંડવ | (૨) | ૬. | હિંદુસ્તાન | (૩) |
| ૮. | સુંદર સ્ત્રી | (૨) | ૧૦. | વજનનું એક માપ | (૨) |

## આ વાત કદી ના ભુલાય

હા...હા...હા....હા....
હો....હો...હો...હો....
આ વાત કદી ના ભૂલાય......૧
નિશાળે જઇ લેશન કરાય
ઘરમાં બાને મદદ કરાય
મેદાને જઇ રમત રમાય...
આ વાત.....
હા...હા...હા...હા...
શિયાળામાં ઠંડી પડે
ઉનાળામાં ગરમી થાય
ચોમાસામાં ભીંજાઈ જવાય
આ વાત કદી.....
હા...હા... હો.....
આપણાથી મોટાને આદર કરાય
આપણાથી નાનાને વ્હાલ કરાય
આપણા સરખાથી દોસ્તી કરાય
આ વાત કદી.....
હા...હા... હો.....
આ વાત કદી ના ભુલાય

***રાહુલ સુનીલભાઇ હેળાઉ - માંડવી, કચ્છ***

## નવ શક્તિ અને આયુધો

### ***<u>નવચંડી</u>***

(૧) નંદા, (૨) રક્તદંતિકા, (૩) શાકંભરી, (૪) દુર્ગા, (૫) ભીમા, (૬) ભ્રામરી, (૭) કાલીકા, (૮) ઐન્દ્રી, (૯) શિવદુતિકા.

### ***<u>નવદુર્ગા</u>***

(૧) શૈલપુત્રી, (૨) બ્રહ્મચારીણી, (૩) ચંદ્રઘંટા, (૪) કુસ્માંડા, (૫) સ્કંદમાતા, (૬) કાત્યાયની, (૭) કાલરાત્રિ, (૮) મહાગૌરી, (૯) સિધ્ધિદાત્રી.

### ***<u>શક્તિના ૨૮ આયુધો</u>***

(૧) અક્ષયમાલા, (૨) કમલ, (૩) બાણ, (૪) તલવાર, (૫) કુલીસ, (૬) ગદા, (૭) ચક્ર, (૮) ત્રિશૂલ, (૯) પરશુ, (૧૦) શંખ, (૧૧) ઘંટા, (૧૨) પ્રાસ, (૧૩) શક્તિ, (૧૪) દંડ, (૧૫) ચર્મ, (૧૬) ચાંપ, (૧૭) પાન-પત્ર, (૧૮) ખડગ, (૧૯) મૂશળ, (૨૦) ભુશંડી, (૨૧) હળ, (૨૨) કોર્મુક, (૨૩) પાત્ર, (૨૪) લાગલ, (૨૫) સાંગ, (૨૬) પરિઘ, (૨૭) શૂળ, (૨૮) તોમર.

Printed & published by Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at Kankeshwari Offset, Raipur Darwaja, Bhutni Ambli, Ahmedabad-380 001. Published at Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Challa Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor :Shri Hansraj Kansara. Price : Rs. 20.00